
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૮ || અંક: ૨ || ફેબ્રુઆરી ૨૦૨૬ || સળંગ અંક : ૬૫૨

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# વિદ્યામંડળથી યુનિવર્સિટી સુધીઃ સંસ્થાકીય સેવાયાત્રા કરનાર, ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલના ૭૫માં જન્મદિવસ નિમિત્તે 'અમૃત પર્વ'ની ભવ્ય ઉજવણી













ચારુતર વિદ્યામંડળના આદરણીય ચેરમેન અને સી.વી.એમ. યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલના ૭૫માં જન્મદિવસ નિમિત્તે, આ વિશેષ અવસરને વધાવવા માટે ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, સહમંત્રી શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ અને સી.વી.એમ. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ શ્રી પ્રો. (ડૉ.) ઇન્દ્રજિત પટેલ, રજિસ્ટ્રારશ્રી પ્રો. (ડૉ.) સંદિપ વાલિયા તથા સીવીએમ યુનિવર્સિટી પરિવાર દ્વારા ૨૯ ડિસેમ્બર ૨૦૨૫, સોમવારના રોજ શાસ્ત્રી મેદાન વલ્લભ વિદ્યાનગર ખાતે ભવ્ય 'પ્લેટિનમ જ્યુબિલી' સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અબુ ધાબી (UAE) સ્થિત BAPS હિન્દુ મંદિરના મુખ્ય સંત પરમ પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દેશના અગ્રણી ઉદ્યોગપતિઓ અને મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેમાં શ્રી પ્રયાસ્વીનભાઈ પટેલ (ચેરમેન અને એમ.ડી., એલિકોન એન્જિનિયરિંગ), શ્રી સુરેન્દ્રભાઈ પટેલ (પ્રેસિડેન્ટ, ચારુસેટ - ચાંગા અને પૂર્વ સાંસદ), રાજકીયપક્ષના હોદ્દેદારો જિલ્લા ભાજપ પ્રમુખશ્રી સંજયભાઈ પટેલ, સાંસદશ્રી મિતેશભાઈ પટેલ, પ્રદેશ ભાજપ કોષાધ્યક્ષશ્રી પરીન્દુભાઈ ભગત (કાકુજી), ધારાસભ્યશ્રી પંકજભાઈ પટેલ, શ્રી યોગેશભાઈ પટેલ, શ્રી વિપુલભાઈ પટેલ, શ્રી ગોવિંદભાઈ પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં અબુ ધાબી (UAE) સ્થિત BAPS હિન્દુ મંદિરના મુખ્ય સંત પરમ પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીએ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવી, ભીખુભાઈ પટેલની વિશિષ્ટ કાર્ય પદ્ધતિને બિરદાવી હતી. આ પ્રસંગે એન્જિ. શ્રી ભીખુભાઈ પટેલને સંસ્થાના હોદ્દેદારો તથા સંતો દ્વારા પુષ્પહાર અર્પણ કરી સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. સન્માનપત્રનું વાંચન ફાઇન આર્ટસના કૉલેજના નિયામક શ્રી કનુભાઈ પટેલે કર્યું હતું. સન્માનનો પ્રત્યુત્તર આપતા ભીખુભાઈ પટેલે તમામ સારા કાર્યોમાં હંમેશા આપેલ સાથ-સહકારને યાદ કરી સૌ દાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. આ અવસરે પ્રો. (ડૉ.) ઇન્દ્રજિત પટેલે નવા પ્રકલ્પો અંગેની વિડીયો માધ્યમ દ્વારા માહિતી આપી હતી.

આ યાદગાર ઉજવણી નિમિત્તે સ્થપાયેલ 'શ્રી ભીખુભાઈ બી. પટેલ પ્લેટિનમ જ્યુબિલિ સેલિબ્રેશન એન્ડોવમેન્ટ ફંડ' માં દાતાઓ અને શુભેચ્છકો દ્વારા ઉદાર હાથે ₹ ૩૫ કરોડનું માતબર દાન અર્પણ કરવામાં આવ્યું છે.

માનદ સહમંત્રી શ્રી મેહુલભાઈ પટેલે ભીખુભાઈના ૭૫માં વર્ષની ઉજવણી નિમિત્તે વિવિધ વ્યક્તિઓ, સંસ્થાઓ તથા ઔદ્યોગિક એકમો દ્વારા મળેલ ૩૫ કરોડનું દાન અર્પણ કરેલ દાતાઓની યાદી જાહેર કરતાં જણાવ્યું હતું કે, ''ભીખુભાઈના શિક્ષણ ક્ષેત્રે રહેલા અમૂલ્ય પ્રદાન અને તેમની દીર્ઘદ્રષ્ટિને સન્માનવા માટે વિવિધ વ્યક્તિઓ, નામાંકિત સંસ્થાઓ તથા અગ્રણી ઔદ્યોગિક એકમો આગળ આવ્યા છે. આ ફંડનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી સમયમાં શૈક્ષણિક ગુણવત્તામાં વધારો કરવો અને વિદ્યાર્થીઓને આધુનિક સુવિધાઓ પૂરી પાડવાનો છે.'' આ ગૌરવશાળી પ્રસંગે સીવીએમ યુનિવર્સિટી અને ચારુતર વિદ્યામંડળના હોદ્દેદારો, શ્રી ભીખુભાઈ પટેલના સ્નેહીજનો, પરિવારજનો તથા શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને શુભેચ્છાઓ પાઠવી હતી. આ અવસરે ભીખુભાઈની જીવન યાત્રા વિષે તૈયાર થયેલ પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. જ્યારે આભાર વિધિ માનદ્ સહમંત્રી શ્રી વિશાલભાઈ પટેલે કરી હતી.



વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ફેબ્રુઆરી-૨૦૨૬
વર્ષ : ૨૮ અંક : ૨
સળંગ અંક : ૬૫૨

**ISSN 0976-9609-V Vidyanagar**

**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते

**પ્રમુખ**
શ્રી પ્રયાસ્વીનભાઈ બી.પટેલ
**ઉપપ્રમુખ**
શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ**
શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી**
ડૉ. એસ. જી. પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી વિશાલ એચ. પટેલ

**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅક્નૉલૉજી, હોટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.

અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

ગરવ કિયો અંજની કેરે પુતરે
એનો પાંવ ખોડો કરી ડાર્યો...સિયારામજી સે૦
કહત કબીરા સુનોભાઈ સાધુ
શરને ગયો સો ઉગાર્યો...સિયારામજી સે૦


|| પ્રાથમ્ય || આત્મનિર્ભર............................૩
**સંકલન : એસ.જી.પટેલ (લેખકઃ પાર્થિવ નાણાવટી)**

|| વૈભવ અને વારસો || ............................૬
**પદ્ય-વિભાગ :** ગરવ કિયો સોઈ નર હાર્યો
**કબીર**

|| નવાં કાવ્યો || ........................................૭
**ભગીરથ બ્રહ્મભટ્ટ, રમેશ વાઘેલા, શૈલેષ ગઢવી, ભુપેન્દ્ર વ્યાસ 'રંજ'**

|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** પ્રજા તેજસ્વી હોય તો-.................૮
**નાનાભાઈ ભટ્ટ**

|| ટૂંકી વાર્તા || ધાબું ...................................૯
**પરીક્ષિત જોશી**

|| મૃત્યુની મીમાંસા || મૃત્યુ ઉપર વિજયની આરાધના..૧૦
**મનસુખ સલ્લા**

|| લાઘવિકા || ભાઈ કે ભય ? ....................૧૧
**ફિરોજ હસ્નાણી**

|| સમીક્ષા || ઝૂંપડપટ્ટીના સમાજની દયનીય વાસ્તવિકતાને આલેખતી કથા : 'ચક્ર' .................................૧૨
**કિશન ચાવડા**

|| અભ્યાસ || હવેલી સ્થાપત્ય : ગુજરાતની ઐતિહાસિક ધરોહર.....................................................૧૬
**સુથાર પ્રકાશકુમાર ગણપતભાઈ**

|| ચિંતનકણિકા || Shakespeare Quote.........૨૨
**આર. કે. માંડલિયા**

|| સાહિત્ય-પરિચય || અતિ મહત્ત્વાકાંક્ષાના દુષ્પરિણામને વ્યક્ત કરતું નાટક : 'મેકબેથ' ............................૨૪
**મનીષ વણકર**

|| પ્રાસંગિક || ગુજરાતી ભાષામાં જોડણી વિશે.........૨૯
**રાજેન્દ્ર ઠાકર**

|| વિદ્યાવૃત્ત || ................૯, ૨૧, ૨૩, ૨૮, ૩૧




ISSN 0976-9609

**|| પ્રાથમ્ય ||**

## આત્મનિર્ભર

**સંકલન : એસ.જી.પટેલ (લેખકઃ પાર્થિવ નાણાવટી)**

ચાલ બેટા ઓનલાઈન ફોર્મ તું કહેતો હતો એ આજે આપણે ભરી લઈએ. આજે મારે રજા છે, તો શાંતિથી એ કામ થઈ જશે. મેં મારા પુત્ર પિન્ટુને કહ્યું.

પિન્ટુ હસીને બોલ્યો.

દાદી જીંદાબાદ. તમે આરામ કરો. આજે રજા છે. મારુ કામ દાદીએ પૂરું કરી દીધું છે.

મેં હસીને મમ્મી સામે જોઈ કહ્યું, તારી દાદી તો સ્માર્ટ ફોન જેવી સ્માર્ટ થઈ ગઈ છે. વ્યક્તિને કંઈ પણ શીખવું હોય તો તેને ઉંમર સાથે કોઈ મતલબ નથી. એ તારી દાદીએ સાબિત કરી બતાવ્યું.

મમ્મી ભીની આંખે બોલી બેટા, એ બધું તારા પપ્પાના પ્રયત્નને કારણે બાકી મને રસોડાના કામ સિવાય ક્યાં કોઈ વાતનું જ્ઞાન હતું. મેં મમ્મી સામે ધ્યાનથી જોયું. ગોલ્ડન ફ્રેમના ચશ્મા અને ગુજરાતી સાડીમાં તેનું જાજરમાન વ્યક્તિત્વ ઉભરી રહ્યું હતું. આમ તો M.Sc. સુધી ભણેલ મારી મમ્મીએ કૌટુંબિક જવાબદારીઓને કારણે નોકરી કરવાને બદલે નૈતિક રીતે ઘરની જવાબદારીઓ સ્વીકારી લીધી હતી. અમને ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં ભણાવ્યા, હોમવર્કની સાથે પરીક્ષાની તૈયારી પણ મમ્મી કરાવતી. પોતે પણ ઇંગ્લિશ મીડીયમમાં ભણી હતી છતાં પણ તેના વ્યવહારમાં જરા પણ આછકલાવેડા દેખાતા ન હતા. પપ્પા વ્યસ્ત હોવાને કારણે સ્કૂલની પરેન્ટ્સ મિટિંગ પણ મમ્મી એટેન્ડ કરી લેતી અને ટીચર સાથે અમારા અભ્યાસ અંગે અંગ્રેજીમાં ચર્ચા પણ કરી લેતી. પપ્પા વ્યસ્ત હોવાથી અમારી ઉજ્જ્વળ કારકિર્દીનો જશ જતો હોય તો એ મમ્મીને જાય છે. પપ્પા મમ્મીની લાઈફ પાર્ટનરશીપ ગજબની હતી. પપ્પા અમારા ભણતર તથા ઘરને ચલાવવા રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ કરતા હતા જ્યારે મમ્મી working partner તરીકેની ફરજ નિભાવતી હતી. આમ જોઈએ તો પપ્પા સ્લીપિંગ પાર્ટનર તરીકે ફરજ બજાવતા હતા. ઘરની અને પરિવારની તમામ જરૂરિયાત મુજબ તેઓ આર્થિક યોગદાન કરી મૌન બની જતા. બન્ને વચ્ચે ગજબની સમજશક્તિ અને ધૈર્ય હતું. કોઈ કોઈના કામમાં ટાંગ મારતા ન હતા. એટલે જ ઘરમાં વાતાવરણ હળવું છતાં ડીસિપ્લિનવાળું હતું. મમ્મી અમને ઠપકો આપતી હોય ત્યારે પપ્પા વચ્ચે ન બોલે અને પપ્પા ઠપકો આપતા હોય ત્યારે મમ્મી વચ્ચે ન બોલે. એકબીજાની માન મર્યાદા તેઓ સાચવતા જેથી ઘરમાં બાળકો પણ તેનું અનુકરણ કરતા હતા. પપ્પા ગર્વમેન્ટમાં કલાસવન ઓફિસર હતા. ઘરમાં આવક પણ સારી હતી છતાં પણ મમ્મીએ કદી પપ્પાને આર્થિક વ્યવહાર કેવી રીતે ચાલે છે તેવા મતલબી સવાલ કર્યા ન હતા. હું મારી પત્ની સ્મિતાને ઘણી વખત કહું છું. પપ્પા મમ્મીનું દામ્પત્ય જીવન એક ઉદ્દાહરણ રૂપ દામ્પત્ય જીવન છે. ઘણું શીખવાનું છે તેઓ પાસેથી. પપ્પાની આકસ્મિક વિદાય પછી ઘણા વર્ષે આજે મમ્મીની આંખોમાં મેં આસું જોયા. હું મમ્મીની બાજુમાં બેસી ગયો અને માથે હાથ ફેરવી બોલ્યો, મમ્મી, પપ્પા યાદ આવી ગયા ને ? હા બેટા, તારા પપ્પા તો રોજ મને યાદ આવે છે. મારા વ્યક્તિત્વ ઉપર લાગેલી ધૂળને ખંખેરી ફરી મારા અંતર આત્માને જાગૃત કરી, તેમણે મને કહ્યું હતું, ગીતા ફક્ત સ્માર્ટ ફોન વાપરવાથી સ્માર્ટ નથી બનાતું, તારે હવે ''આત્મનિર્ભર'' પણ બનવુ પડશે. આજે દરેક વ્યક્તિ વ્યસ્ત છે અથવા વ્યસ્ત હોવાનો ઢોંગ કરે છે. લોકોના ભરોસે આપણું જીવન કેવી રીતે જીવાય.? બેટા, હું House wife હતી, પણ તારા પપ્પા એ મારું પાકિટ કદી ખાલી રહેવા દીધું ન હતું. મારી વ્યક્તિગત જરૂરિયાત માટે પણ મારે સામે ચાલી કદી કોઈ માંગણી તારા પપ્પા પાસે કરવી પડી ન હતી. એ કહેતા નોકરી કરતા પણ જો અઘરી જવાબદારી હોય તો એ ઘરની અંદરની જવાબદારીઓ છે. જેમાં

આર્થિક વળતર કંઇ મળતું નથી પણ અપજશ જરૂર મળે છે. તારા પપ્પા નિવૃત થયા પછી અમે ફરવા ગયા ત્યારે એક દિવસ હોટલની રૂમની અંદર ખૂબ જ ગંભીરતાપૂર્વક તારા પપ્પાએ મને કહ્યું હતું ગીતા, જીવનનું કડવું સત્ય સાંભળવા કે કહેવા માટે હિંમત દરેક વ્યક્તિએ કેળવવી જોઈએ. યુવાનીમાં ''I love you'', ''હું તારા વગર જીવી નહિ શકું'' જેવા અનેક શબ્દપ્રયોગ આપણે એકબીજાએ કર્યા હતા. હવે આપણે ઉંમરના એ પડાવે પહોંચ્યા છીએ જ્યાં જીવનની કડવી અને સત્ય વાતને ગંભીરતાથી સમજવી પડશે. સંસારમાં જન્મ લીધો છે તો મૃત્યુ નિશ્ચિત છે. આપણા બન્નેમાંથી કોણ વહેલું ઈશ્વરના ઘરે જશે એ નથી તું જાણતી કે નથી હુ જાણતો. ત્યારે મેં તેમને આવી વાતો કરતા રોક્યા હતા અને કહ્યું, પ્લીઝ અત્યારે આવી વાતો ન કરો. તેઓએ કહ્યું, ગીતા, આજે સત્ય નહિ સમજીએ તો ઘડપણ બોજારૂપ બની જશે. લોકો આપણને મૂર્ખ કહેશે. ભણ્યા પણ અભણ જ રહ્યા જેવા કડવા શબ્દો સાંભળવા પડશે. આપણા દુઃખ સાથે સંસારને કોઈ મતલબ હોતો નથી. રોજ સવાર પડે રડતી, દુઃખી કે કકળાટ કરતી વ્યક્તિનો ચહેરો જોવાનું લોકો ટાળે છે અને ધીરે ધીરે તેનાથી અંતર બનાવતા જાય છે. ગીતા, લોકો હસતો ચહેરો જોવા ટેવાયેલ છે. લોકો પણ અસંખ્ય દુઃખોથી ઘેરાયેલ હોય છે. દુઃખ હસતા મોઢે સહન કરવુ છે કે રડતા મોઢે એ આપણા વ્યક્તિત્વ ઉપર આધાર રાખે છે. અને કડવું સત્ય એ પણ છે લોકોના દુઃખ સમયે આપણી ભાગીદારી તેમાં કેટલી હતી ? તારા પપ્પા એ દિવસે પોતાના આર્થિક રોકાણો, પોસ્ટ ઓફીસ, બેન્ક તથા શેર બજારના રોકાણની તમામ માહિતી, પેંશન એકાઉન્ટની માહિતી અને ઓન લાઈન વ્યવહાર માટેના પાસવર્ડ સાથે એક સંપૂર્ણ માહિતી સાથેની એક ડાયરી મારા હાથમાં મૂકી કહ્યું હતું, ગીતા આ ડાયરીને શાંતિથી વાંચી, બેંક લોકરમાં મૂકી દેજે. ઘરના દસ્તાવેજ તથા વિલ, સોના ચાંદીના ઘરેણાં બધું જ લોકરમાં રાખ્યું છે. લોકર કેમ ઓપરેટ કરાય એ હું તને તું બેંકમાં જઈશું, તને સમજાવી દઈશ. તું ભોળી છે પણ ભોટ સાબિત ન થતી. આપણા ગયા પછી બધું બાળકોનું જ છે પણ લાગણીના આવેશમાં આવી કોઇ ખોટા નિર્ણય ન લેતી. દુઃખ સમયે અને આનંદમાં હોય ત્યારે આપણી લાગણીઓ ઉપર સંયમ રાખવો ખૂબ જરૂરી છે. મોટાભાગે આવા સંજોગોમાં જ ખોટા નિર્ણયો લેવાતા હોય છે. આવા સમયે જ વિવેક અને બુદ્ધિની જરૂર પડે છે. દુઃખ સમયે હિંમત હારીને કોઈને સમર્પિત ન થઈ જવું અથવા કોઈ અવિચારી પગલું ન ભરવું. વિશ્વાસુ વ્યક્તિનો ખભો જોઈને રડવું કે અંગત વાતો કરવી. નસીબથી આવી વ્યક્તિ મળે છે બાકી મજબૂરીનો લાભ ઉઠાવનાર ઘણા પડ્યા છે. તારા પપ્પાના શબ્દો મેં યાદ રાખ્યા છે . રડવું હોય કે ફરિયાદ કરવી હોય તો ઈશ્વરની સામે એકાંતમાં રડી લેવું. આંસુની કિંમત સાચા મોતી જેવી છે તે આંગળીથી લૂછી શકાય એટલાજ આંખની અંદરથી બહાર આવવા જોઈએ. જે વ્યક્તિ તમારાં આંસુ જમીન ઉપર પડે એ પહેલાં પોતાના ખોબાની અંદર અથવા તેના રૂમાલથી ઝીલી લે એ તમારો સાચો અંગત. બાકી વાંસે હાથ ફેરવી ફેરવી રડાવવાવાળી મંથરા કે શકુની ક્યાં સંસારમાં ઓછા પડ્યા છે. હું હસી પડ્યો. નિયમિત ઈશ્વરને પ્રાર્થના કરવી, એ જ આપણું આત્મબળ વધારે છે. ઈશ્વરની નજીક રહેવાથી આપણે એકલા નથી તેવો અહેસાસ રહે છે. નવરાશના સમયે ગામ પંચાત કરવા કરતા વાંચનની આદત પણ તારા પપ્પાએ મને પાડી. વાહ, મમ્મી વાહ, પપ્પાના વિચારો ખૂબ જ ઊંચા હતા. નારી કેળવણીની વાતો કરતો ઢોંગી સમાજ પોતાની પત્ની અભણ રહે એવી ઈચ્છા રાખતા હોય છે. ત્યારે તારું યોગ્ય સમયે ઘડતર કરી પપ્પાએ પોતાની પતિ તરીકેની ફરજ ઉત્કૃષ્ટ રીતે ભજવી છે. મમ્મી બોલી, તું પપ્પાના મિત્ર દવેકાકાને ઓળખે છે. દવેકાકાના ઘરે અમે અવારનવાર જતા હતા ત્યારે દીકરો વહુ વારંવાર દવેકાકા તથા તેમના પત્ની મુકતાબેનને કહેતા તમને ખબર ન પડે. તમે શાંતિથી બેસો. ધીરે ધીરે દવેકાકાનો આર્થિક વહીવટ

 ISSN 0976-9609

દીકરા વહુએ લઈ લીધો. દવેકાકાને કોઈ જગ્યાએ વ્યવહાર કરવો હોય, ધર્માદો કરવો હોય, વ્યક્તિગત ખર્ચ કરવો હોય કે પછી મોબાઈલમાં બેલેન્સ કરાવવું હોય તો દીકરા વહુને વિનંતી કરવી પડે. સામે દસ સવાલ દીકરો વહુ કરે. પોતાના રૂપિયા હોવા છતાં યાચક અને ભિક્ષુક જેવું જીવન જીવતા દવે કાકા અને કાકીને જોઈ તારા પપ્પાએ નિર્ણય લીધો. જો મને કંઇ થઈ ગયું તો મારી ગીતા તો ઘરકામ સિવાય કોઈ આર્થિક વ્યવહાર જાણતી નથી. તેથી તારા પપ્પાએ મને સ્માર્ટ બનાવવા માટે પ્રથમ મારા પાકિટમાં જે હાથખર્ચી આપતા એ બંધ કરી બેંક એકાઉન્ટ ખોલાવી ડેબિટ કાર્ડ મને આપ્યું. હવે તારા પપ્પા તેમાં રૂપિયા જમા કરતા અને મને ધીરે ધીરે ATM કાર્ડનો ઉપયોગ, તેના ફાયદા સમજાવ્યા. ATM મશીનમાંથી રૂપિયા કેવી રીતે ઉપાડાય Google પે થી પેમેન્ટ કેવી રીતે થાય, રૂપિયા એક બેન્કમાંથી બીજી બેન્કમાં ટ્રાન્સફર કેવી રીતે થાય, ગેસ તથા ઈલેક્ટ્રિક બિલની ચુકવણી ઘરે બેઠા મોબાઈલ મારફતે કેવી રીતે થાય મોબાઈલમાં બેલેન્સ ખાલી થઈ ગયું હોય તો બેલેન્સ કેવી રીતે કરાવાય આવુ તો ઘણું તારા પપ્પાએ મને બહુ જ પ્રેમ અને આદરપૂર્વક બધું સમજાવ્યુ અને શીખવાડ્યું. થોડા સમય પછી એક ક્રેડિટ કાર્ડ પણ કઢાવી આપ્યું. સાથે તેના ફાયદા અને ગેરફાયદા સમજાવ્યા. તેનો વિવેકપૂર્ણ ઉપયોગ ક્યારે અને કેવી રીતે કરાય એ પણ સમજાવ્યું. કારનું લાઇસન્સ તો મારી પાસે હતું જ પણ કાર કદી મેં ચલાવી ન હતી. તારા પપ્પા સાથે કારમાં ફરવા જાઉ ત્યારે હાઈવે ઉપર કાર મને ચલાવવા આપવા લાગ્યા. ધીરે ધીરે ટ્રાફિકમાં ચલાવવા આપવા લાગ્યા. બેટા આજે મારે કોઈ કામ હોય અને તમે વ્યસ્ત હોવાથી મારી રીતે હું મારા કામ જાતે કરી શકું છું. સાચા અર્થમાં મને તારા પપ્પાએ ''આત્મનિર્ભર'' બનાવી. સાચી વાત છે તારી મમ્મી, સ્કૂલવાન જ્યારે અચાનક ન આવતી ત્યારે તું પિન્ટુને સ્કૂલે કારમાં લેવા મુકવા પણ જતી.. મમ્મી હસીને બોલી, તારી મમ્મી સ્માર્ટ છે તને ગમે છે કે નહીં ? મેં કહ્યું, માત્ર ગમે છે એમ નહિ, ગર્વ પણ અનુભવું છું. હવે તો તું લેપટોપ વાપરે છે અને ઈન્ટરનેટ ઉપર ઓનલાઇન ખરીદીની પણ માસ્ટર થઈ ગઈ છે. મોબાઈલ ઉપર ફટાફટ વસ્તુ ઘરે મંગાવી લે છે. મને એ કહેતા આનંદ થાય છે. કદાચ તું અમારાથી બે ડગલાં આગળ વધી ગઈ છે.. બેટા બદલાતા જમાના અને ટેક્નોલોજી સાથે વ્યક્તિમાં બદલાવ આવવો જોઈએ પણ તેના વ્યવહાર કે સ્વભાવમાં બદલાવ ન આવવો જોઈએ. તેવું તારા પપ્પા મને કહેતા. બેટા મને પણ કહેતા આનંદ થાય છે. સંજોગો મારા બદલાયા પણ મારા દીકરા વહુના વ્યવહાર કે લાગણીઓ બદલાણી નથી. પતિ-પત્નીના પવિત્ર સંબધોમાં જેટલી પારદર્શીતા અરસપરસ રાખશો તેટલી આત્મીયતા અને વિશ્વાસ એકબીજાનો વધતો જશે. પ્રેમનો મતલબ ફક્ત વાણી વિલાસ કે FB ઉપર રૂપકડા ફોટા મુકી પ્રેમનું પ્રદર્શન કરવાનો નથી. તમે જેને ચાહો છો એ વ્યક્તિનું આત્મ સન્માન સાચવવાના તમામ પ્રયત્ન કરવા એ જ અમર અને સાચો પ્રેમ છે. મારી પત્ની સ્મિતા બોલી વાહ મમ્મી આજે સાચું દામ્પત્ય જીવન કોને કહેવાય તેની તમે અમને સમજ આપી.

મિત્રો

સમય સાથે બદલાય એ મતલબી અને સાથે રહીને
સમય બદલે એ સાચો ''જીવન સાથી''
RESPECT YOUR LOVE

---

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com

**દુશ્મનનું લોખંડ ભલે ગરમ હોઈ શકે છે, પરંતુ હથોડો ફક્ત ઠંડો જ કામ કરે છે.**

## ।। વૈભવ-વારસો : પદ્ય વિભાગ ।।

**કબીર**

ગરવ કિયો સોઈ નર હાર્યો,
સિયારામજી સે ગરવ કિયો સોઈ નર હાર્યો...
ગરવ કિયો રત્નાગર સાગરે,
એનો નીર ખારો કરી ડાર્યો... સિયારામજી સે૦ ૧
ગરવ કિયો ચકવા ને ચકવીએ
એને રેન વિછો કરી ડાર્યો... સિયારામજી સે૦ ૨
ગરવ કિયો વનની ચણોઠીએ
એનો મુખ કારો કરી ડાર્યો... સિયારામજી સે૦ ૩
ગરવ કિયો આવળ કેરે ફૂલડે
એને જઈ ચમાર કુંડ મેં ડાર્યો... સિયારામજી સે૦ ૪
ગરવ કિયો દ્રોણાચલ ડુંગરે,
એના ટુકડે-ટુકડા કરી ડાર્યો... સિયારામજી સે૦ ૫
ગરવ કિયો લંકાપતિ રાવણે
એનું રાજ ખેદાન કર ડાર્યો... સિયારામજી સે૦ ૬
ગરવ કિયો હરણાકંસ રાક્ષસે
એનો નોર વધારી માર ડાર્યો... સિયારામજી સે૦ ૭
ગરવ કિયો અંજની કેરે પુતરે
એનો પાંવ ખોડો કરી ડાર્યો... સિયારામજી સે૦ ૮
કહત કબીરા સુનોભાઈ સાધુ
શરને ગયો સો ઉગાર્યો... સિયારામજી સે૦ ૯

અહીં ભજનરચના અંતર્ગત જે દૃષ્ટાંતો છે તે ગર્વ કરનારને કેવું કુફળ મળ્યું તે અંગેનાં છે. ચકવા અને ચકવી વિષયે એવી દંતકથા પ્રચલિત છે કે રામ જ્યારે સીતાની શોધમાં નીકળેલા ત્યારે રસ્તામાં પ્રેમક્રીડામાં રત ચક્રવાક યુગલને સીતાનું વર્ણન કરીને પૂછ્યું કે તમે આવી યુવતી સીતાને જોઈ છે ? ચક્રવાક યુગલે ગર્વથી પ્રત્યુત્તર આપેલો કે પ્રેમલગ્ને બંધાયેલા એવા અમારા બેમાંથી કોઈને એવી નવરાશ ન હતી કે અમે કોઈની ખબર રાખીએ. અમે તો અમારામાં જ મત્તા છીએ. રામને થયું કે સ્વ-અર્થી પ્રેમમાં મત્ત આ પક્ષીયુગલને અન્યના દુઃખ-વિરહનું ભાન ત્યારે જ થાય જ્યારે એને વિરહ પ્રાપ્ત થાય. આમ યુગલ સહવાસનો - દ્વૈતનો - ગર્વ એમને ભારે પડ્યો. રામે શાપ આપ્યો કે તમે રાત્રે પ્રેમબિછોયા રહેશો. ગર્વનું - અભિમાનનું - પરિણામ આ દૃષ્ટાંતો છે.

એમાં રાવણ, હિરણ્યકશિપુ ઉપરાંત હનુમાનજી પણ મુકાયા છે. આવળ, સમુદ્ર, પર્વત, ચણોઠી, ચકવી આમ પ્રકૃતિ કે કોઈ ગર્વ કરે એને કેવું ફળ પ્રાપ્ત થાય એનું ઉદાહરણ આ સંધ્યાભજન છે.

નિરભિમાની જીતે છે - વિજયી થાય છે એમ નથી કહ્યું પણ ગર્વ કરે છે એ હાર પામે છે એમ સતત કહીને એમાંથી મુક્ત થવાનું સૂચવતું આ સંધ્યાભજન મારે મન બાળપણાની લખોટી કરતાંય મૂલ્યવાન છે, કારણ કે એણે સમજણો થયો ત્યારથી નિરભિમાની બનવાનું પયપાન કરાવ્યું છે. ભજનવાણી પૂરા ભાવથી ભાવકને ભીંજવે છે. પ્રબોધે છે અને ભાવથી ભીંજાયેલો ભાવક સમુદાય સમાજનું ખરું અંગ છે. ભજનવાણીના પ્રતાપે બનારસના કબીરસાહેબની વાણીની ગુજરાતી યાત્રા એ સંતવાણીની સમગ્ર ભારતવર્ષમાં સરળતાથી રૂપાંતરણની સફરનું સુંદર ઉદાહરણ છે.

## ॥ નવાં કાવ્યો ॥

### સાંઈ કરે તે....

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

સાંઈ કરે તે સઈ
તારી, મારી, અવર કોઈની દખલ ચાલશે નઈ
ધરતી માની કૂખ ગજબની
જીવ જનમતા બહુ
વાયુ લહેરે જનમ-મરણની
ધબકે નાડી સહુ
જળમાં થાતા પરપોટાને જળની કઈ સગઈ?
સાંઈ કરે તે સઈ
કોણ ઉદરનાં ધાન પચાવે
જીવને જ્યોતિ આપે?
નભથી કેવાં જળ વરસીને
તરસ સરવની કાપે !
આતમ ભેળો જીવ ગુંથાયો પામી લેજો ભઈ
સાંઈ કરે તે સઈ

પ્લોટ નં. ૮૬૪, ગ્રેસ બંગલો, મહાદેવ વિસ્તાર,
વલ્લભ વિદ્યાનગર, આણંદ, (મો) ૯૮૭૯૫૨૩૨૭૬

### નથી માંગી

**શૈલેશ ગઢવી**

પ્રાર્થનામાં ફરી નથી માંગી,
મેં તને કરગરી, નથી માગી.
સાથ માંગ્યો છે સાત જન્મોનો,
તારી કંકોતરી નથી માંગી.
માત્ર સદ્ભાવની અપેક્ષા છે,
રીત પયગમ્બરી નથી માંગી.
જોઈએ એક ઓરડો રહેવા,
મેં ફક્ત ઓસરી નથી માંગી.
મ્યાનમાં હોવું પણ જરૂરી છે,
એકલી મેં છરી નથી માંગી.
માત્ર તારી જ ખોટ સાલે છે,
સ્વર્ગથી કંઈ પરી નથી માંગી.

શ્રી ખીજડિયા પ્રાથમિક શાળા,
મુ. ખીજડિયા, તા. મેંદરડા, જિ. જૂનાગઢ
પિન-૩૬૨૨૬૦ (મો) ૬૩૫૧૯૦૩૮૭૩

### ભીતર કોણ એ જાગે ?

**રમણ વાઘેલા**

રોજ રોજની માયા-મત્સર,
રોજ રોજની કાયા કસ્તર .
ઘડીક જઈ કયાંક બિરાજે !
ભીતર કોણ એ જાગે ?
આજકાલનો સાર મળે ના,
દોડવું તોયે ઢાળ મળે ના,
કોની આગળ જઈને કથવું ?
મારગ રગ રગ રાગે !
ભીતર કોણ એ જાગે ?
નામનાં જળ તો લાગે ડહોળા,
ધામના થળ તો લાગે મોળા,
અંતર તળની લગની માંહે
ઘરર ઘરર ઘમ વાગે !
ભીતર કોણ એ જાગે ?
આગે-પીછે, ઉપર-નીચે
કોણ નીરવ થઈ બાજે ?
ભીતર કોણ એ જાગે ?

પ્લોટ ૬૫૨/૨, સેક્ટર ૮/બી,
ગાંધીનગર-૩૮૨૦૦૭ (મો) ૬૩૫૮૭ ૪૦૬૧૬

### વસંત

**ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ'**

ફાગુ ગાયે ફાગ,
સૃષ્ટિની સરગમ ખીલે.
ફૂટે કળી અનંત,
કાષ્ઠ પણ લીલે લીલે.
કળી કળી થઈ ફૂલ,
ફૂલ ફૂલ અંબર ઝીલે.
મહેક મહેક બહેકાય,
કણે કણ હિલે હિલે
રંગગંધ રળિયાત,
વસંતી પીલે પીલે.
દરિયે લાગી આગ,
મીનપિયાસી મિલે
છાયો છક છક છાક,
રોમ રોમ જીલે જીલે.

૨૦૧, બાલમુકુંદ કોમ્પલેક્ષ, રામેશ્વર પાર્ક, શેરી નં.૩
રામેશ્વર ચોક, નાણાંવાટી ચોક પાસે, રૈયા રોડ,
રાજકોટ-૩૬૦૦૦૭ (મો) ૬૩૫૧૨૪૩૬૧૯

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

### પ્રજા તેજસ્વી હોય તો –

**નાનાભાઈ ભટ્ટ**

પ્લેટોનું પુસ્તક 'રિપબ્લિક' મેં વાચ્યું. અને કોઈ રાજા જ્ઞાની કે જીવનમુક્ત હોય તો રાજાશાહી પણ સુંદર પરિણામ આપે એવી વિચારણા થોડો વખત મારા મનમાં રહી ગઈ. પણ રાજા આવો જ્ઞાની ન હોય તો ? વળી જ્ઞાની રાજાના કુંવર પણ જ્ઞાની જ હશે, તેની શી ખાતરી ? એટલે પછી, રાજવહીવટની લગામ વંશપરંપરામાં ઊતરે એ વ્યવસ્થાના મૂળમાં જ દોષ છે, એમ હું સમજ્યો.

પણ આ સમજણની સાથે જ એક બીજો વિચાર પણ મારા મનમાં ઊગ્યોઃ રાજ્યતંત્ર ગમે તે પ્રકારનું હોય; તંત્રનું બાહ્ય કલેવર રાજાશાહી હોય, લોકશાહી હોય, સરમુખત્યારશાહી હોય, કોમ્યુનિસ્ટ હોય – ગમે તે હોય; પણ પ્રજા પોતે જો તેજસ્વી હોય તો કોઈ પણ સરકારને પોતાના અંકુશમાં રાખી શકે છે. પ્રજામાં, મોટા ભાગના લોકોમાં, જો આખરે ખુવાર પણ થઈ જવાની તાકાત હોય તો કોઈ પણ રાજ્યસત્તાનો ભાર નથી કે તે પ્રજાને પીડી શકે.

પરંતુ રાજતંત્ર લોકશાહી હોય તો પણ, જો પ્રજા નિર્માલ્ય હોય અને શાસકો સત્તાલોલુપ હોય તો, લોકશાહીના બહારના માળખાની અંદર પણ બીજી કોઈ 'શાહી' ઢંકાયેલી રહી શકે છે. એટલે રાજ્યતંત્રનું બહારનું કલેવર ભલે લોકોને રુચે તેવું રાખો; પરંતુ સત્તાધારીઓ લોકોની વ્યક્તિગત તેમજ સમાજગત શકિતને કુંઠિત ન કરે, અને બીજી બાજુ પ્રજા પોતાની સ્વતંત્રતા જાળવવા માટે નિરંતર જાગૃત રહે, એ બે વાત પર વિશેષ ઝોક આપવો જોઈએ.

'અરધી સદીની વાચનયાત્રા' માંથી સાભાર

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈસ્ટાર કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા ''આધુનિક ઉત્પાદન ક્ષેત્રે કૌશલ્ય વિકાસ'' વિષય પર એલ્યુમની ટોકનું આયોજન :

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા તાજેતરમાં ''બ્રિજિંગ ધ સ્કિલ્સ ગેપ ટ્રાન્સફોર્મિંગ ટેલેન્ટ ફોર મોડર્ન મેન્યુફેક્ચરિંગ'' વિષય પર એલ્યુમની ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઉદ્યોગોની વર્તમાન જરૂરિયાતો, ઉભરતા પ્રવાહો અને વાસ્તવિક વ્યાવસાયિક વાતાવરણ- થી માહિતગાર કરી તેમની રોજગારીની ક્ષમતા વધારવાનો હતો. આ એક્સપર્ટ ટોક માટે વડોદરાની ઝાયટેક્સ બાયોટેક લિમિટેડના ક્વોલિટી કંટ્રોલ મેનેજર સૌરભ સિંઘને તજજ્ઞ વક્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓની સંશોધન વૃત્તિ, શૈક્ષણિક ઉત્પાદકતા અને કૌશલ્યમાં વધારો કરી શકાય તેવા તમામ આવશ્યક પાસાંઓ પર વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ તજજ્ઞ વ્યાખ્યાનમાં માઈક્રોબાયોલોજી અને બાયોટેકનોલોજી વિભાગના અનુસ્નાતક કક્ષાના ૫૦ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી ઉપસ્થિત રહ્યા હતા. એલ્યુમની ટોકના સફળ આયોજન બદલ આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ ડો. એમ.એમ. રાજ અને કોલેજ સંયોજક ડો. જીગર પટેલે સૌને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976-9609

॥ ટૂંકી વાર્તા ॥

## ધાબું

**પરીક્ષિત જોશી**

શહેરમાં ગામ જેવું કશું હતું નહીં અને જે હતું એ હવે રહ્યું નથી. સમાજ, સંસ્કાર, સગાંવ્હાલાં સઘળાંમાં ફેર વર્તાઈ રહ્યો હતો. આધુનિકતા, આંતર-માળખાકીય સુવિધાઓ અને એકાંતને બદલે વધી રહેલી એકલતાએ વરવા પરિણામ દેખાડવા લાગ્યા હતા. પણ શંકરલાલને માટે નવી સમસ્યા સર્જાઈ હતી. જરાક અમથી વાતનું વતેસર થઈ ગયું. શંકરલાલને થયું કે કેટલી હોંશથી પુત્રનો લગ્ન પ્રસંગ ઉકેલ્યો હતો પણ માંગલિક પ્રસંગ પૂરો થયો, ન થયો અને બંધ મુઠ્ઠીમાં રહેલી વાતો ધીરે ધીરે બહાર આવવા લાગી.

શુભલક્ષ્મી હજુ ઘરમાં કંકુ પગલાં પાડે એ પહેલાં તો એના મનમાં વસેલી વાત સપાટી પર આવી ગઈ. ઝાઝી હુંસાતુંસી ન થાય એટલા માટે શંકરલાલે દીપક અને એની વહુ રોશનીની ઇચ્છા સામે નમતું જોખ્યું અને ઘીના ઠામમાં ઘી ઢળ્યું. જૂના મકાનમાં સૌનો સાગમટે સમાસ થાય એમ હતો, પણ હવે જ્યાં મનમાં સંકડાશ આવી ગઈ હતી ત્યાં મકાનની મોકળાશ હોય તો પણ શું અને ન હોય તો પણ...

વહેવાર સૂઝથી શંકરલાલે ઉપલો રસ્તો કાઢ્યો. ગામડા ગામમાં રહેલી જમીન એમને યાદ આવી. ગામમાં બીજું કશું વધ્યું ન હતું પણ સમયની સાથે જમીનના ભાવ સાતમે આસમાને ચઢી ગયા હતા. જમીનનો સોદો સારી કિંમતે થયો. પરિવાર સાથે રહી શકે એ માટે જુદાંના જુદાં અને ભેગાંના ભેગાં એ ન્યાયે ઉપલો માળ ખેંચવાની તૈયારીઓ થઈ.

શ્રીફળ વધેરાયું, મુહૂર્ત થયું, ગોળધાણા ખવાયા અને મશીનનો ઘરઘરાટ ચાલુ થયો. મકાન બાંધવા રેતી, કપચી, સિમેન્ટ ભેગાં કરતાં મશીન સામે શંકરલાલ બીડી ફૂંકતા ફૂંકતા જોઈ રહ્યા. પણ કોણ જાણે કેમ, એમને પોતાની નજર સામે પોતાના ઘરમાંથી રેતી, કપચી, સિમેન્ટ, ઈંટો બધુંય જુદું પડતું દેખાતું રહ્યું. વિચારવાયુ એટલી હદે વધ્યો કે, શંકરલાલના હૃદયે જવાબ આપી દીધો. પણ બનવા કાળ જે બનવાનું હતું એ જ બન્યું. નવું ધાબું તો ભરાઈ રહ્યું પણ... માથે આખું આભ તૂટી પડ્યું...

૬, તપસ્વી, જલારામ સોસાયટી,
રામતીર્થ સોસાયટી પાસે, જ્ઞાનદા બસ સ્ટેન્ડ,
જીવરાજ પાર્ક માર્ગ, વેજલપુર,
અમદાવાદ-૩૮૦૦૫૧ (મો.) ૯૦૯૯૦૧૬૨૬૧,
Email.:pjoshi1975gmail.com

॥ વિદ્યાવૃત્ત ॥

**એમ.યુ.પટેલ (ટેક.) હાઈસ્કૂલની ટીમ** ROBO-FEST 5.0 **કોમ્પિટિશનના ત્રીજા રાઉન્ડમાં** : ચારુતર વિદ્યામંડળ દ્વારા આશીર્વાદિત એમ.યુ.પટેલ (ટેક.) હાઈસ્કૂલની ટીમ GUJCOST-DST દ્વારા રાજ્યકક્ષાએ યોજાયેલ ROBOFEST 5.0 રોબોટ મેકિંગ કોમ્પિટિશનમાં ભાગ લીધો હતો. જેમાં શાળાના ચાર વિદ્યાર્થીઓએ લેવલ-૨ પ્રૂફ ઓફ કોન્સેપ્ટમાં ''એ આઈ ઓટોનોમસ ડ્રાઇવિંગ બોટ્સ'' કેટેગરીમાં રોબોટનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો, જે પ્રોજેક્ટમાં વિજેતા બન્યા છે અને આ પ્રોજેક્ટ ROBOFEST 5.0 ના ત્રીજા રાઉન્ડમાં પસંદગી પામ્યો છે. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના પદાધિકારીઓએ વિજેતાઓને અભિનંદન સહ આશીર્વાદ પાઠવ્યા હતા અને આ ક્ષેત્રે વધુ પ્રગતિ કરવા પ્રેરણા આપી હતી.

શાળાના આચાર્યશ્રી તથા આ પ્રોજેક્ટના ટીમ મેન્ટરશ્રી શ્રી હસિતભાઈ આઈ. પાઠકે બાળકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## ।। મૃત્યુની મીમાંસા ।।

## મૃત્યુ ઉપર વિજયની આરાધના

**મનસુખ સલ્લા**

આપણા પુરાણા તત્ત્વચિંતનના કેટલાક શ્લોકો બહુ જ વિશિષ્ટ છે. તે સમજાવે છે કે જીવનની ચરિતાર્થતા શામાં છે, તે જીવન કેવું-કેટલું ઊર્ધ્વીકરણ પામી શકે એનો આદર્શ દર્શાવે છે. ઈશ્વરી તત્ત્વ પાસે માણસ અનેક માગણીઓ કરતો હોય છે. (ધન, માન, આરોગ્ય, દીર્ઘ જીવન વગેરે) મહામૃત્યુંજય શ્લોક એવો અસાધારણ મંત્ર છે કે જે માણસે શું માગવું જોઈએ અને એની યોગ્યતા કેમ મેળવાય એની સ્પષ્ટતા આપે છે.

શિવ કલ્યાણના દેવ છે. ત્ર્યંબક એટલે ત્રિનેત્ર એવા શિવ. શિવનું ત્રીજું નેત્ર અસાધારણ એવા લયનું, વિસર્જનનું, નાશનું કાર્ય કરે છે. વળી, શિવ અનાસક્ત છે. સંસારની કોઈ એષણા તેમને સ્પર્શી શકતી નથી. તેઓ હિમાલયમાં રહે છે, સતત તપસ્યા કરે છે. ભસ્મ તેમનો શણગાર છે. ઈન્દ્રિયોના પ્રતીક સમો સર્પ તેમના ગળામાં હાર રૂપે સોહે છે. એટલે કે ઈન્દ્રિયો તેમના વશમાં છે. અહંકારી ગંગાને તેમણે પોતાની જટામાં સમાવી દઈને તેના અહંકારનો નાશ કર્યો હતો. અને જગતના કલ્યાણ માટે ગંગાની ધારાને વહેવા દીધી હતી. આવા શિવ મંગલ અને મુક્તિના દેવ છે. તેમને આવી પ્રાર્થના કરવામાં આવી છે.

ૐ ત્ર્યંબકં યજામહે સુગંધિમં પુષ્ટિવર્ધનમ્ ।
ઉર્વારુકમિવ બન્ધનાન્મૃર્ત્યોમુક્ષીય માઽમૃતાત્ ।।

અહીં એક દૃષ્ટાંત દ્વારા મોક્ષ, બંધન મુક્તિને પ્રત્યક્ષ કરવામાં આવ્યા છે. વેલ ઉપરની કાકડી (તૂંબડું) (ઈન્દ્રાયણ ફળ)પરિપક્વ થાય પછી આપોઆપ વેલથી છૂટી પડી જાય છે. પરિપક્વ થવાનો અર્થ જ એ છે કે વળગણોમાંથી મુક્ત થવું. જેમ વેલની કાકડી પરિપક્વતા પ્રાપ્ત કરતાં સહજપણે વેલથી છૂટી પડી જાય છે, એમ અમને મૃત્યુરૂપી વેલના બંધનથી મુક્ત કરાવો. મૃત્યુ હોય જ નહિ એવી પ્રાર્થના આ નથી. પણ વેલ પરથી તૂંબડું અલગ થઈ જાય છે, એમ અમે સહજક્રમે મત્યુના બંધનથી મુક્ત થઈ જઈએ. મૃત્યુથી મુક્તિ એ જ અમૃતની પ્રાપ્તિ છે. મૃત્યુલોક એટલે વળગણોનો લોક. રાગ-દ્વેષ વળગણો સર્જે છે. પરંતુ અમે એટલા પરિપક્વ થઈએ કે અમારામાં કશુંય અપરિપક્વ ન રહે, અપૂર્ણ ન રહે, બંધનરૂપ વળગણ ન રહે એવી અહીં પ્રાર્થના છે.

આપણી પૌરાણિક કથાઓ અને દૃષ્ટાંતો એવું સૂચવતાં હોય છે કે મૃત્યુ આવીને જીવને લઈ જાય છે. જાણે મૃત્યુના હાથમાં (પાશમાં) જવું એ જીવનનો અંત છે. અહીં અલગ જ પ્રાર્થના છે. અમને મૃત્યુમાંથી જ મુક્તિ અપાવો. વળગણો એ જ બંધન છે. એ સઘળામાંથી મુક્તિ એ અમૃત છે. એની પ્રક્રિયા સૂચવી છે તે આ શ્લોકનું માહાત્મ્ય છે. વેલ પરથી તૂંબડું ત્યારે આપોઆપ અલગ થઈ શકે છે. જ્યારે તે પરિપક્વ (ચોતરફથી પક્વ) બને છે. પરિપક્વતા એટલે ઉંમર થવી, શરીર રચનાનું વાર્ધક્ય, અંગોની અગતિશીલતા એવો પ્રચલિત અર્થ અહીં નથી. પરિપક્વતા પ્રાપ્ત કરવાની છે એટલે કે તમામ વળગણોમાંથી મુક્તિ એ જ અમૃત છે, મોક્ષ છે. નિર્વાણ છે. ગીતાએ એને સમર્થન આપ્યું છે. આવું અમૃત સુગંધમય હોય છે. એમાં કશું જ અપ્રિય, અનિચ્છનીય કે અરુચિકર રહેતું નથી. ત્રિનેત્ર એવા શિવના ત્રીજા નેત્રની આ પ્રસાદી છે. એ જ મુક્તિ છે.

અમૃતના બંને અર્થ અહીં સાર્થક થાય છે. અમૃત એટલે મૃત્યુ ન હોય એવી સ્થિતિ અને અમૃત એટલે ચિરંજીવ એવું તત્ત્વ. બંને અર્થમાં આ પ્રાર્થના

 ISSN 0976-9609

થઈ છે. આ પ્રાર્થનાનું માહાત્મ્ય એ છે કે મૃત્યુના બંધનમાંથી મુક્તિ દરેક વ્યક્તિએ પોતે પામવાની છે, એની યોગ્યતા પોતે મેળવવાની છે. પોતે પરિપક્વ થવાનું છે. એટલે કે હે ત્ર્યંબક, અમને એટલા પરિપક્વ બનાવો. જેમણે વળગણો છોડ્યાં, સંપૂર્ણ પરિપક્વ બન્યા અને બધાં બંધનોમાંથી સહજક્રમે મુક્ત થઈ જાય છે. આવી મુક્તિ એ જ અમૃતની પ્રાપ્તિ છે.

જે ત્રિનેત્ર આખા જગતનું વિસર્જન કરી શકે તેમ છે. એ મારા બંધનોમાંથી મને સંપૂર્ણ રીતે મુક્તિ અપાવશે એ શ્રદ્ધા પણ અહીં સૂચવાય છે. આ સઘળા અર્થમાં આ શ્લોક મૃત્યુને જીતવાનો શ્લોક ગણાયો છે તે સઘળી રીતે ઉચિત છે.

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ,
દેવાશિષ પાર્ક સામે, જજીસ બંગલો વિસ્તાર,
અમદાવાદ-૩૮૦૦૧૫, (મો) ૯૮૨૪૦૪૨૪૫૩,
Email:mansukhsalla@gmail.com

**।। લાઘવિકા ।।**

## ભાઈ કે ભય ?

**ફિરોજ હસ્નાણી**

મગનના પિતાજીનું ૮૬મા વર્ષે અવસાન થયું. બા પહેલા જ વયા ગયા હતાં. પિતાજી મગન સાથે રહેતા. મગનની પત્ની અનસૂયા તથા દીકરી દક્ષા તેની ખૂબ દેખરેખ રાખતા. પિતાજીના અવસાન બાદ તરત જ મગને તેની જાયદાદના બે ભાગ પાડી દીધા. તેના નાના ભાઈ રમેશને ગામમાં જે ખોરડું હતું તે આપી દીધું. વીસ વીઘા જમીનના પણ સરખા ભાગ પાડી દીધા. રમેશને વસ્તાર ઝાઝો હતો. ત્રણ દીકરી ને એક છોકરો, તેથી મગને તેની માથે દયા ખાઈને કહ્યું, ''જો રમેશ અમારે તો આ એક દક્ષા પછી કોઈ ઔલાદ થઈ નથી. તારે દીકરીવાળું ઘર છે. એટલે આ વધારાની પાંચ વીઘા જમીનમાં તું વાવેતર કર. તારા છૈયાછોરું પાર પડી જાય પછી મારી જમીન મને પાછી આપી દે જે.''

''ભલે મોટાભાઈ પણ તમારે કોઈ લખાણ પટાણ....''

''અરે હોતા હશે....તું મારો નાનો ભાઈ છો, તારી પાસે શું લખાણ કરવું...જુબાનની કિંમત છે કે નઈ'' હસતાં હસતાં મગન બોલ્યો. સમયે પડખું ફેરવ્યું. અહીં દક્ષા પરણીને સાસરે ગઈ. રમેશની પણ ત્રણ દીકરી પરણીને ઠેકાણે પડી ગઈ. પછી મગન તેના નાના ભાઈ રમેશ પાસે ગયો ને કહ્યું,

''રમેશ હવે પેલી જમીનમાં હવે વાવેતર ન કરતો. મારે જમીન વેચીને રૂપિયા બેંકમા મૂકવા છે. હવે અમારે બે માણસને જોઈએ કેટલું...'' હજુ રમેશ જવાબ આપે ત્યાં જ તેની પત્ની તથા પુત્ર બન્ને ઓરડામાંથી બહાર આવ્યા. ને રમેશનો પુત્ર કરશન તરત જ બોલ્યો, ''બાપુજી, હવે ઈ જમીન ભૂલી જજો, અમે વીશ વીશ વરસ ઈ જમીન પર વાવેતર કરેલ છે. તેથી વાવે તેની જમીન થાય. સમજ્યા...''

મણિનગર, અમરેલી-૩૬૫ ૬૦૧.
(મો) ૯૯૦૪૦૬૧૩૨૦.

**ગરીબોની સેવા એ જ ઈશ્વરની સેવા છે.**
**અવિશ્વાસ ભયનું કારણ હોય છે.**

॥ સમીક્ષા ॥

## ઝૂંપડપટ્ટીના સમાજની દયનીય વાસ્તવિકતાને આલેખતી કથા : 'ચક્ર'

**કિશન ચાવડા**

''ઝૂંપડપટ્ટી એટલે આર્થિક કંગાલિયતની કાયમી પરિસ્થિતિમાં જીવતાં લોકોના વસવાટોનો સમૂહ. વિશ્વમાં માનવજીવનના પ્રારંભથી આશ્રયસ્થાન, રહેઠાણ કે આવાસ વ્યક્તિ અને કુટુંબના કેન્દ્રમાં રહેલ છે. સામંતશાહીનો અસ્ત, વિશ્વભરના મૂડીવાદી દેશોમાં ઔદ્યોગિક ક્રાંતિ અને ત્રીજા વિશ્વના દેશોમાં શહેરીકરણને કારણે ઝૂંપડપટ્ટીનો ઉદ્ભવ એક અનિવાર્ય ઘટના બની. તેણે અનેક સમસ્યાઓ સર્જી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની વ્યાખ્યા પ્રમાણે ગીચ વસ્તી, નિમ્ન જીવનની પરિસ્થિતિ, ગંદકીનો નિકાલ કરવાની વ્યવસ્થાનો અભાવ અને એવી અનેક બાબતોને કારણે જોખમાતું આરોગ્ય તથા ભયમાં મુકાતી માણસોની જિંદગી અને નીતિમત્તાવિહીન વાતાવરણ, જ્યાં હોય તેવું રહેઠાણ તે ઝૂંપડપટ્ટી.'' (ગુજરાતી વિશ્વકોશ). આ ઝૂંપડપટ્ટીઓના કારણે અનેક મુશ્કેલીઓ સર્જાય છે, જે માત્ર ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતાં લોકો પૂરતી જ મર્યાદિત નથી પરંતુ સમગ્ર માનવસમાજ પર તેની ગંભીર તેમજ નકારાત્મક અસર પડે છે, આ પ્રકારના ભીષણ અને યક્ષ પ્રશ્નો સાહિત્યના માધ્યમ થકી અવારનવાર ઉજાગર થતાં આવ્યાં છે. સાહિત્ય સમાજની સમસ્યાઓને ઉજાગર કરવાનું એક અત્યંત પ્રભાવશાળી માધ્યમ છે, તે સમાજનું દર્પણ બનીને સમાજની આંતરિક તથા બાહ્ય વાસ્તવિકતાઓને રજૂ કરે છે. મરાઠી સાહિત્યકાર જયવંત દળવીએ પોતાની 'ચક્ર' નવલકથામાં ઝૂંપડપટ્ટીની અતિ દયનીય વાસ્તવિકતાનો ચિતાર આપવાનો પહેલો વહેલો યત્ન કર્યો છે. ''લેખક પોતાના આત્મ કથનાત્મક પુસ્તક (આત્મકથાને બદલે)માં જણાવે છે તેમ તેઓ સાલ ૧૯૪૮થી ૧૯૫૦ દરમ્યાન પ્રભાત અને લોકમાન્ય નામનાં મરાઠી છાપાંઓમાં પત્રકાર તરીકે રહ્યા હતા. તે દરમ્યાન અને તે પછી પણ તેમણે ફૂટપાથ પરની અનેક ઝૂંપડપટ્ટીઓ નજીકથી જોઈ હતી. જે જોઈને તેઓ ખૂબ અસ્વસ્થ થઈ જતા, તે પછી તો તેમને એક વ્યસન વળગ્યું જાણે, રાત-દિવસ તેઓ આ ઝૂંપડપટ્ટીઓમાં જ ફર્યા કરતા અને એમાંથી સાલ ૧૯૬૩માં ચક્ર નવલકથાનો જન્મ થયો.'' (પૃષ્ઠ.૫)

જયવંત દળવી (૧૯૨૫-૧૯૯૪) એક વિખ્યાત મરાઠી લેખક, નાટ્યકાર અને પત્રકાર. તેમની પાસેથી ૧૪ નવલકથા, ૯ વાર્તાસંગ્રહ, ૮ નાટક, ઉપરાંત હાસ્ય અને પ્રવાસના પુસ્તકો પ્રાપ્ત થાય છે. તેમના લેખનમાં તેમણે માનવસંબંધો, માનસિક સંઘર્ષો અને સામાજિક સમસ્યાઓનું વાસ્તવિક ચિત્રણ રજૂ કર્યું છે. ચક્ર (૧૯૬૩) તેમની પ્રથમ અને પ્રખ્યાત નવલકથા છે આ નવલકથાને વર્ષ ૧૯૬૪માં મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ અને મહારાષ્ટ્ર રાજ્યનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. વર્ષ ૧૯૮૧માં 'ચક્ર' નવલકથા પરથી રવિન્દ્ર ધર્મરાજે 'ચક્ર' નામે જ ફિલ્મ બનાવી હતી અને આ ફિલ્મમાં શ્રેષ્ઠ અભિનય બદલ નસીરુદ્દીન શાહને વર્ષ ૧૯૮૨નો સર્વશ્રેષ્ઠ અભિનેતાનો ફિલ્મફેર પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો. આ નવલકથાનો ગુજરાતી અનુવાદ અરુણા જાડેજાએ કર્યો છે. આ કથા ત્રણ ખંડમાં વિભાજિત છે.

'ચક્ર' નવલકથા મુંબઈમાં સ્થિત ચકલા અને પાખાડી ઝૂંપડપટ્ટીમાં રહેતા દલિત અને શોષિત લોકોના જીવનની કઠોર વાસ્તવિકતા દર્શાવે છે. અહીં ગલીચ ઝૂંપડપટ્ટીમાં, ગટરની કોરે જીવજંતુની જેમ સળવળનારા માણસોના ઢગલા પર પ્રકાશ નાખવામાં આવ્યો છે. આ જીવનને કોઈ જ બીજો આધાર કે માર્ગ નથી. માણસની મૂળભૂત જરૂરિયાતો રોટી, કપડાં, મકાન પૂરી થતાં પહેલાં જ એ અકળવિકળ થઈને વિકૃત થઈ જાય છે. અને સફળ, સુંદર, જીવનનાં સ્વપ્નો સાકાર થતાં પહેલાં જ દયનીય હાલતના નિષ્ઠુર અને અટળ ચક્રમાં એના ચૂરેચૂરા થઈ જાય છે. આ નવલકથા ઘટનાપ્રધાન ન બનતાં પાત્રપ્રધાન બને છે, તેથી અત્રે પાત્રોને જ ધ્યાનમાં

 ISSN 0976-9609

રાખીને વિશેષ ચર્ચા કરી છે. ઝૂંપડપટ્ટીમાં જન્મેલો બેન્વા અને એની મા અમ્મા એમ આ મા-દીકરો તથા એમની લગોલગ ચાલતું એક પાત્ર લૂકો. આ ત્રણ પાત્રોનું સહાયક પાત્ર અણ્ણા ટ્રકડ્રાઈવરનું. પછી બધાં પાત્રો રામાયણના વાનરો જેવાં પૂરક છે, જેમના વગર આ કથા અધૂરી રહે. બાદશાહ નામનો મરઘો પણ એક વટદાર પાત્ર છે તો જમી નામની કૂતરી પણ એક હૂંફાળું પાત્ર છે. અનુવાદક પ્રસ્તાવનામાં નોંધે છે કે ''ફૂટપાથની કોરે પાસપાસે વસેલી બે ઝૂંપડપટ્ટીઓ અહીં છે એક તો પાખાડી અને બીજી ચકલા. અહીં રહેતા માણસોને સંવેદના, નીતિમત્તા, સામાજિક કે આર્થિક સંરચનાનો કોઈપણ જાતનો સાથ ન મળે તો સ્વાભાવિક જ નીતિમત્તાના ધોરણો કઈ રીતે જળવાવાનાં? એટલું જ નહીં એ અંગેનો વિચાર કરવો પણ અશક્યવત્. સાલ ૧૯૬૩માં દળવી એક આંચકો આપે છે. ત્યારનો મધ્યમવર્ગી અર્થાત નોકરિયાત વર્ગ નીતિમત્તા અને કર્તવ્યનો વિચાર કરનારો છે, તેમને આજુબાજુના વિશ્વની ખબર નથી, કહોને પડી નથી. એમને માટે એમનું જ વિશ્વ કેન્દ્રસ્થાને છે. ઝૂંપડપટ્ટીમાં સબડતી અને સળવળતી ગરીબી, ભૂખ, વાસના, લાલસાની આ મોટા લોકોને જાણ જ નથી. એ જાણ દળવીએ આ નવલકથા દ્વારા કરી છે.''

કથાનો ઉઘાડ બેન્વાના પાત્રથી થાય છે. બેન્વા માનો કહ્યાગરો દીકરો છે. બેન્વાની સંવેદનશીલતા સમગ્ર કથામાં ઠેરઠેર જોવા મળે છે. કાચવાલા શેઠને ત્યાં કામ કરતાં-કરતાં બેન્વાના હાથે એક કાચની બરણી ફૂટી જતાં શેઠ એની કાનપટ્ટી તોડી નાખે છે અને પગાર આપ્યા વિના હડધૂત કરી નોકરીથી બેદખલ કરે છે. આ વાતની જાણ લૂકાને થાય છે. લૂકો ચાકુની અણી પર શેઠ પાસેથી પગાર વસૂલ કરે છે. લૂકો બેન્વાને કહે છે ''તુમકો એક બાત બતાતા, કભી ચૂપ મત બૈઠો. ચૂપ બૈઠનેવાલોં કી યે દુનિયા નહીં હૈ, સમજા?'' (પૃષ્ઠ ૫૦) લેખકે લૂકાનું પાત્ર શોષણ સામે પ્રતિકાર કરતું બતાવ્યું છે. બેન્વા પ્રત્યેક પાત્ર પરત્વે લાગણીસભર વર્તન કરે છે. બેન્વાની બાજુની ઝોંપડીમાં રહેતો પુન્નો પોતાના જીવનના અંતિમ દિવસો પસાર કરી રહ્યો હોઈ તે બેન્વાને પોતાની ખાટલી માટે થોડી કાથી લાવી આપવા કહે છે જે બેન્વા કરી શક્યો નહીં. તે વાત પુન્નાના મૃત્યુ બાદ પુન્નાની ઠાઠડી બાંધતી વખતે બેન્વાને યાદ આવે છે. આટલી અમથી કાથી પણ પોતે ન લાવી શક્યો? એ વાતથી એને અત્યંત દુ:ખ થાય છે. અંતે પોતાના બે મિત્રો અને સ્વખર્ચે તે પુન્નાના અંતિમ સંસ્કારની વિધિ કરે છે. પાવરા અને લખમી પતિ-પત્ની છે. પંદર દિવસ પહેલાં જ જન્મેલું તેમનું બાળક કુપોષણનો ભોગ બની મૃત્યુ પામે છે, ત્યારે બેન્વા પાવરાના હાથમાં થોડા પૈસા મૂકી બાળકની અંતિમક્રિયા કરાવે છે. લેખક ઝૂંપડપટ્ટીના બાળકોની અવદશાનું ચિત્ર રજૂ કરતા કહે છે ''બબ્બે ઝૂંપડાની વચ્ચે ખુલ્લામાં જ દોરડી બાંધીને કાપડની ઝોળી ટાંગી હતી. એમાં ધાવણાં છોકરા ટૂંટિયું વાળીને સૂતાં હતાં. ઘૂંટણિયાભેર પા-પા પગલી ભરનાર છોકરાં પાંસળીની નીચે લટકતો પેટનો ફુગ્ગો ફુલાવીને ડુક્કરની જેમ આમતેમ ભટકી રહ્યાં હતાં.'' (પૃષ્ઠ ૩૭).

અમ્માનું પાત્ર એક સશક્ત પાત્ર છે. પોતાનો ભૂતકાળ યાદ કરીને તે હંમેશા વ્યથિત થઈ જતી. અમ્મા પૂર્વે તેના પતિ સુનકા સાથે બીજાપુર રહેતી, પોતાનું કહી શકાય તેવું ઘર હતું. બેન્વાના જન્મ વખતે સુનકાએ મુનીમ પાસેથી પૈસા ઉધાર લઈ ઉજાણી કરી અને એ જ ઉધારના કારણે એમને ડૂબવાના દિવસો આવ્યા. પૈસા ન ચૂકવી શકવાના કારણે મુનીમે અમ્મા સાથે બળજબરી કરી, આવેશવશ સુનકાએ મુનીમનું ખૂન કર્યું અને રાતોરાત તેઓ મુંબઈ ભાગી આવ્યા. મુંબઈમાં ચોરી કરતાં પકડાતાં પોલીસ દ્વારા ગોળી મારીને સુનકાની હત્યા કરવામાં આવી, ત્યારથી માંડી આજ સુધી પોલીસના નામ માત્રથી અમ્મા ફફડી જતી. અમ્મા બેન્વાને કહેતી ''ઈમાનથી, સાદાઈથી કમાવું ને ખાવું. પેટમાં બે કોળિયા ધાન ઓછું જાય તોય ચાલશે. પોલીસનો તરાસ ન જોઈએ, એ પાછળ પડે તો સંસાર આખો ખોરવાઈ જાય.'' (પૃષ્ઠ ૧૩૩) સમય અને સંજોગોનો

જેને માર પડ્યો છે તે અમ્મા બેન્વાને હમેશાં બે વાત કહેતી ''એક તો ઘરનું ઘર જોઈએ, પોતાનું પોતાના હક્નું અને બીજું પોલીસવાળાથી દૂર રહેવાનું.'' અમ્મા દેહવિક્રય કરનારી સ્ત્રી નથી. એ કોઈ આલતુ-ફાલતુનો સહારો લેતી નથી એના તન-મનને ગમતો આધાર મળતાં તે લઈ લે છે. તે લૂકાને પોતાના શરીરની ભૂખ સંતોષવાનો આધાર બનાવે છે, તો ટ્રક ડ્રાઈવર અણ્ણાને તે પોતાના પતિરૂપ માને છે, તેનાથી અમ્માને ગર્ભ રહે છે જે અંતે પોલીસનો માર પડતા અધૂરા મહિને જ મૃત્યુ પામે છે.

લૂકો આ નવલકથાનું ત્રીજું મુખ્ય પાત્ર છે. ઝૂંપડપટ્ટીના લોકો માટે તે મસીહા છે. ચોરી, લૂંટફાટ, દારૂની ભઠ્ઠીનો માલ સપ્લાય કરવો વગેરે અનૈતિક અપરાધનાં કાર્યો કરી તે અવારનવાર પોલીસનો માર તથા જેલની હવા ખાતો રહે છે. પૈસો તેના માટે હાથનો મેલ છે. બેન્વા દ્વારા પૂછાતા પ્રશ્ન ''લૂકા, આટલો પૈસો તું કેમનોક કમાય છે રે'' નો કટાક્ષપૂર્ણ જવાબ આપતા કહે છે ''જાને દો! પૈસે પૈસે ક્યા? પૈસા તો (..) ભી કમા લેતી હૈં.'' (પૃષ્ઠ. ૪૮) આજ લૂકો ભાગીને દેહવિક્રયના કામે લગાડે છે, ગ્રાહક શોધી આપી કમિશન મેળવે છે. ઘણા સમય બાદ લૂકો ભાગીને મળવા આવે છે ત્યારે કહે છે ''અરેરે ભાગી, તું તો સાવ નંખાઈ ગઈ'' (પૃષ્ઠ.૫૫). લૂકો ભાગીના અંગોને સ્પર્શ કરી એની મશ્કરી કરે છે, ના ના કહી રહેલી ભાગીને (..) -અવસ્થામાં જ ધીમેથી ઊંચકીને બહાર લાવીને બેન્વાને કહે છે ''જો તો ખરો (..) કેવો દેખાય છે તે; હાથ લગાડી જો.'' (પૃષ્ઠ. ૫૬). આ જ લૂકો બેન્વાની થનાર પત્ની અમલીને ખોળામાં લે છે, ત્યાં વાત્સલ્યભાવ છે. પોતાનો દેહ વેચીને પોતાનું પેટ ભરતી ભાગી પણ અત્યંત કરુણ પાત્ર છે. ભાગીની ગણિકા તરીકેની લાચારી લેખકે માર્મિક શબ્દમાં રજૂ કરી છે. પોતાના ગ્રાહકને ભાગી કહે છે ''હા- હા, લઉં છું ને. આઠ-બાર આનાવાળી જ ને હું? રાંકને બક્ષિસ પણ નહીં?'' (પૃષ્ઠ. ૫૪). ભાગી જેવું જ એક પાત્ર તે પુન્નાની નાની દીકરી આયેશા. પિતાના મૃત્યુ બાદ બીજા જ દિવસે દેહવિક્રયના કામે જતી આયેશાની લાચારી લેખકે લૂકાના પાત્ર દ્વારા વ્યક્ત કરતા કહ્યું છે કે ''ક્યા કરેગી બિચારી. પેટ છે ને!'' અને આગળ બોલ્યો ''તુમકો એક બાત બતાતા હૂં'' બેન્વા પણ સોચને કી બાત હૈ અગર યે ભગવાન પેટ ઔર પેટ કા ટુકડા ઈન્સાન કો નહીં દેતા તો સાલી યે દુનિયા બદલ જાતી, સમજા? સોચ લેના. એક સોચને કી બાત હૈં'' (પૃષ્ઠ ૧૧૯). સફાઈકામ કરનાર સોન્વાનું પાત્ર રમૂજી છે. અમ્માને ચા અને બરુન પાઉં ખવડાવીને એને જોતાં રહીને પોતાની વાસનાની ભૂખ મિટાવી લે છે. ચાની દુકાનવાળા અબ્દુલાનું પાત્ર પણ આવું જ છે. કથામાં ઘણી જગ્યાએ અરુચિકર શબ્દો અને ગાળો પ્રયોજાયા છે, જે ઝૂંપડપટ્ટીના લોકો માટે સહજ છે.

આ નવલકથાનું એક જીવંતપાત્ર તે ઝૂંપડપટ્ટી. લેખકે આ ઝૂંપડપટ્ટીને જીવંત બનાવતા ઘણાં વર્ણનો આપ્યાં છે તેમાં જોઈએ તો ''ઝૂંપડાનાં બારણામાંથી ક્યારેક ઘાસતેલના ડબલાં ભડભડ કરતાં ધુમાડા ઓકતા. ચૂલા પણ ભડભડ સળગ્યા હતા. તેથી દૂરથી તો એમ જ લાગે કે ઝૂંપડા સળગી ઉઠ્યાં કે શું? ઝૂંપડે ઊભી રહેલી બાઈઓ નાનામોટા હિસાબ પરથી, છોકરાંના ઝઘડા પરથી એકબીજા સાથે બાઝી રહી હતી. કેટલાંક છોકરાં ફૂટપાથ પર આળોટી રહ્યાં હતાં, તો કેટલાંક ભેંકડો તાણીને રડી રહ્યાં હતાં. તેના લીધે આખી વસ્તીમાં ઘોંઘાટ મચ્યો હોય તેમ લાગતું હતું. જોકે એ ઘોંઘાટમાં કશો જ અર્થ નહોતો, કારણ કે કોઈનું કશામાં જ ધ્યાન નહોતું. જે-તે ચૂલે જે કંઈ ચઢી રહ્યું હતું તે ચઢીને થાળીમાં પડે ત્યાં સુધી આ ઘોંઘાટ ચાલુ જ રહેતો.'' (પૃષ્ઠ. ૬૨). આ ઝૂંપડપટ્ટીમાં શોષણ સામે કોઈપણ જાતનો પ્રતિકાર શક્ય નથી, તે નગ્ન વાસ્તવિકતાનું વર્ણન ''કાદવમાં ખરડાયેલી બાઈઓ સામેના નળ પાસે ડોલ મૂકીને અર્ધનગ્ન હાલતમાં પોતાનાં શરીર ધોઈ રહી હતી. એમને જોવા માટે કેટલાક હલકટ છોકરા હાથ નાખીને ત્યાં આંટાફેરા કરતા હતા, ખોંખારો કરતા હતા પણ પેલી બાઈઓ


ISSN 0976-9609

એ તરફ બેધ્યાન એવી મોઢેથી સ્-સ્ અવાજ કરતી પોતાનું ડિલ ધોઈ રહી હતી.'' (પૃષ્ઠ ૬૧). ઝૂંપડપટ્ટીનાં વર્ણનમાં લેખકની નિરીક્ષણશક્તિ તો દેખાઈ આવે છે જ, પરંતુ આ જે વર્ણનો કે પ્રસંગચિત્રો છે, તે દરેકને એક પરિમાણ છે અને તેથી જ દરેક ચિત્રાંકન અતિશય અસરકારક થયું છે. ઝીણાં સાંઠીકડાને ટેકે ઊભેલાં અને માંડ માંડ પોતાનો દેહ સાકારનારાં એવાં ઝૂંપડા, જે મળ્યું તેનાથી સજાવી જાણનારાઓના જીવનનાં રંગો સૂચવે છે. અહીં દરેક વ્યક્તિનો સંઘર્ષ મુખ્યત્વે જેના તેના પૂરતો છે.

કથાનો અંત અત્યંત કરુણ છે. બેન્વાના લગ્ન અમલી સાથે થાય છે અને એ સૌ ટ્રકવાળાના માલિકે આપેલ ગોદામના એક ખૂણામાં પાક્કું ઝૂંપડું બાંધીને રહેવા જાય છે; તે સમયે લૂકો દવાની દુકાનેથી પોતાની બીમારીની દવા ચોરીને ભાગી આવે છે અને અમ્માના નવા ઝૂંપડામાં સંતાય છે. પોલીસ રાતોરાત ત્યાં આવી ચડે છે, લૂકા સાથેની ઝપાઝપીમાં બેન્વાને પણ ઢસડવામાં આવે છે, અમ્મા આ બધાને છોડાવવા વચ્ચે પડે છે, આથી ક્રોધે ભરાયેલ પોલીસ અધિકારી અમ્માના પેટ પર લાત મારે છે. આ ઘટનાનું હૃદયદ્રાવક ચિત્ર રજૂ કરતાં લેખક લખે છે કે ''હવે બધું સપાટ થઈ ગયું હતું, પેટ પણ ને ઝૂંપડું પણ.'' (પૃષ્ઠ ૧૬૫) અને ત્યાં નવલકથા પૂરી થાય છે.

લેખકે યોગ્ય રીતે જ આ નવલકથાનું શીર્ષક ચક્ર રાખ્યું છે, કારણ કે ઝૂંપડપટ્ટીનું આ ચક્ર ચાલુ જ રહે છે. ખારની ઝૂંપડપટ્ટીમાંથી લાવેલી કૂતરીને જમી જન્મી, અને હવે જમી પણ વિયાઈ છે. પોલીસથી ડરીડરીને રહેનારી અમ્માના ભાગમાં એ જ પોલીસ આવીને ભટકાય છે; પહેલાં અમ્માના વર સુનકાને પોલીસ પકડી લઈ ગયેલી, એને મારી નાખેલો અને હવે એના દીકરા બેન્વાને પકડી જાય છે. અમ્માને અણ્ણા પાસેથી એના જેવું ગોરુંગોરું બાળક જોઈએ છે, પણ એય પોલીસની એક લાતથી પડી જાય છે. ખારની ઝૂંપડપટ્ટીમાંથી પાખાડીની અને એમાંથી ગોદામમાં અને ત્યાંથી પાછા ઊખડીને હવે બીજે ક્યાં જવાનું? એ જ ભટક્યા કરવાનું. અસલામતીને ગળે બાંધીને ફરનારા આ લોકોનું જીવનચક્ર આમ ચાલુ રહે છે, ફરતું રહે છે. મંગલા આઠલેકર કહે છે ''ઝૂંપડપટ્ટીના જીવન પર આધારિત આ નવલકથા સાચા અર્થમાં નગ્ન અને ભગ્ન જીવન આંખ સામે ખડું કરતી હોય તોયે એ રૂખીસૂકી વાસ્તવિકતા લાગે છે, એટલે અહીંનું જીવન ભીષણ છે. અહીંની સ્ત્રીઓ પેટ ભરવા માટે દેહવિક્રય કરે એ એમને માટે સામાન્ય બાબત છે, તેવી જ રીતે અહીંના પુરુષો માટે જુગાર, દારૂ, મારામારી, ચોરી, ખૂન વગેરે સાવ સ્વાભાવિક છે. આ લોકો માટે આવતી કાલનો વિચાર કરવો એટલે કાલે પેટ માટે કંઈપણ કરીને કૈંક મેળવવું, એમની આજ એટલે ક્યાંક ક્યાંકથી ભેગું કરી લાવેલા ખાવા પર તૂટી પડવું અને ગઈકાલનું સ્મરણ આમની પાસે કંઈ હોય તો તે છે, કાલે, પરમ દિવસે કે તેનાથી પણ પહેલાં કરેલી મારપીટ, કોઈ ગુનો, કોઈ ચોરી અને પોલીસ પાછી આવીને ક્યારે પકડી લેશે એનો મનમાં ઘર કરી ગયેલો ભય. આમના માટે ભૂત-ભવિષ્ય-વર્તમાનને જીવવાનો સંદર્ભ આટલો જ છે શરીર.'' લેખકનો પિંડ કંઈ ઝૂંપડપટ્ટીમાં પોષાયો નથી તોપણ એમણે સહેજ પણ સંકોચ રાખ્યા વગર આ પાત્રોના જીવનચિત્રો દોરવાનો પ્રયત્ન કર્યો છે. જીવનની પારદર્શી શોધ બરાબર કયા આધારે લેવી તે લેખકે બરાબર તાક્યું છે, પણ ખાલી એટલાથી જ આ નવલકથા કલાત્મકતાના સ્તર પર પહોંચતી નથી, એમણે એમનું કલાત્મક સંતુલન ક્યાંય ડગમગવા દીધું નથી.

સંદર્ભ (૧) દળવી જયવંત 'ચક્ર', અનુવાદ જાડેજા અરુણા, અરુણોદય પ્રકાશન, અમદાવાદ, આવૃત્તિ (અનુવાદ) ૨૦૨૧. (૨) ગુજરાતી વિશ્વકોશ, ખંડ ૮.

---

ક્વાર્ટર નંબર ટી-૧૬, યુનિવર્સિટી સ્ટાફ કૉલોની,
વલ્લભ વિદ્યાનગર, આણંદ. ૩૮૮૧૨૦
Email 15kishanchavda@gmail.com

|| અભ્યાસ ||

## હવેલી સ્થાપત્ય : ગુજરાતની ઐતિહાસિક ધરોહર

સુથાર પ્રકાશકુમાર ગણપતભાઈ

### પ્રસ્તાવના :

માનવી પોતાની દૃષ્ટિની સીમા વિસ્તારીને નિજથી લઈને દૂર-સુદૂર ક્ષેત્રમાં ઝીણવટભર્યું નિરીક્ષણ કરે છે ત્યારે કલાના અને રસના અનેકવિધ આયામો પર તેનું મન ઠરે છે. આ સાથે જ કલા સાથેના આંતર સંબંધોના લીધે એ ચિરંજીવ બનતું હોય છે. માનવીનું જીવન ક્ષણભંગુર છે, પરંતુ તેની સાથે જોડાયેલી કલાઓ અમર છે. માનવ જીવનની સાથે પ્રાચીનકાળથી અનેક કલાઓ જોડાયેલી રહી છે. આ કલાઓનો સહારો લઈને માનવીએ પોતાના જીવનને ઉત્કૃષ્ટ બનાવવાના હંમેશા પ્રયત્નો કર્યા છે. તેથી કહી શકાય કે, સંસ્કૃતિના વિકાસમાં વિવિધ કલાઓનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. ભારતવર્ષ પ્રાચીનકાળથી કલા, સંસ્કાર અને સંસ્કૃતિની ધરતી રહ્યું છે. તે બધાં એકમેકનાં પૂરક બનીને વિકસ્યાં છે. કલા શબ્દ સાંભળતાં જ માનવીના માનસપટ ઉપર શિલ્પ, સ્થાપત્ય, સંગીત અને ચિત્ર એવી ચારેય કલાઓનો આભાસ થાય છે. પરંતુ પ્રાચીન શાસ્ત્રોમાં ૬૪ જેટલી કલાઓનો ઉલ્લેખ મળે છે. જોકે, જૈન ગ્રંથોમાં ૭૨ કલાઓ અને વરાહ-મિહિરના બૃહત્સંહિતામાં ૭૨ કલાઓના ઉલ્લેખ મળે છે. આ બધી કલાઓ પૈકી કાષ્ઠકલા લોકોમાં આકર્ષણ જમાવતી રહી છે. કલા એ એવા કલાકારોના કૌશલ્ય અને અભિવ્યક્તિનું પરિણામ છે કે જેમણે ક્યારેય કોઈ વૈજ્ઞાનિક કે શાસ્ત્રીય રીતે કલાનો અભ્યાસ કર્યો નથી. લાગણીઓની સ્વયંસ્ફુરિત અભિવ્યક્તિ એ કલાનો મૂળમંત્ર છે.

ભારતીય જીવન અને સંસ્કૃતિ સદીઓથી અનેક પ્રવાહોમાં વહેતી રહી છે. આ તમામ સાંસ્કૃતિક અને અન્ય પ્રવાહોનું પોતીકું, નિરાળું ભાવજગત અને અર્થવિશ્વ છે; તેમ છતાં આશ્ચર્યની વાત તો એ છે કે, તમામને સાંકળનારી સ્થૂળ અને સૂક્ષ્મ ધારાઓ પણ સમયાંતરે જ વહેતી રહી છે. પૃથ્વીપટ્ટના વિશાળ ભૂ-ભાગમાં કોઈપણ પ્રકારના પ્રચાર-પ્રસાર કર્યા વિના સહજ રીતે કેટલીયે દૃશ્ય-અદૃશ્ય ધારાઓ સદીઓથી લોકજીવનમાં અકબંધ વહેતી રહી છે. આ સિવાય, ભારતીય સંસ્કૃતિમાં ધર્મ અને અધ્યાત્મને કલા સાથે વણી લેવામાં આવ્યાં છે; તેથી તેની અસર વ્યાપક ક્ષેત્રમાં જોવા મળે છે.

### કલાનો અર્થ :

કલા એ કલ્યાણ કે આનંદની જનેતા છે. કલાનો પહેલો કલાકાર સૃષ્ટિના રચયિતા પરમેશ્વર કે ઈશ્વર છે. તેનું મુખ્ય કારણ એ છે કે જગતના તમામ પદાર્થોમાં કલાનો વાસ છે. કલા શબ્દ સંસ્કૃત ભાષાના 'कल्' ધાતુ પરથી બનેલો છે. તેનો અર્થ પ્રેરિત કરવું કે પ્રેરણા આપવી એવો થાય છે. જેમ કલ શબ્દ ગતિશીલ ધ્વનિ છે તેવી જ રીતે કલા પણ એક લયબદ્ધ અભિવ્યક્તિ છે.

બ્રહ્મસૂત્રમાં કહેવાયું છે કે, 'આંતરિક લાગણી કે ભાવોને કલાત્મક રીતે રજૂ કરે કે વ્યક્ત કરે તે કલા.' કલાનું ભાવના સાથે સંયોજન કરતાં હેગલ લખે છે કે - 'કલા એટલે ભાવનાની રજૂઆત અને ભાવના એટલે કલા દ્વારા થતી કેવળ કે નિરપેક્ષતા નિષ્પત્તિ.' જ્યારે ગુજરાતી સર્જક નિસર્ગ આહીર કલાની વ્યાખ્યા આપતાં નોંધે છે કે- 'માનવ હૃદયની લાગણીઓ, ભાવનાઓ, ઊર્મિઓ તેમજ કલ્પનાની સહજ મુક્ત અને કુશળતાપૂર્વકની અભિવ્યક્તિ કે રજૂઆતને કલા કહેવામાં આવે છે.' ટૂંકમાં કલા એટલે માનવ વડે થતી સૌંદર્ય નિર્માણની પ્રવૃત્તિ અથવા પ્લોટિનસના શબ્દોમાં કહેવું હોય તો - 'કલા જીવનની આધારશિલા એટલે કે જીવનનો પાયો છે.'

ભારતીય પ્રાચીન સાહિત્યમાં અને ભૃગુ-સંહિતામાં દર્શાવ્યા પ્રમાણે ભારતમાં પ્રાચીન કાળથી ૩૨ વિદ્યાઓ અને ૬૪ કલાઓ વિદ્યમાન હતી. પ્રાચીન કાળમાં કલા કે શિલ્પ શબ્દ બધી કલાઓ માટે પ્રયોજાતો હતો. આ કલાઓના વિદ્વાનોએ બે

ભાગ પાડ્યા છે. (૧) આશુકર્મ અને (૨) ચિરક્રિયા. જોકે, અત્યારના સમયના વિવેચકોએ કલાને (૧) ચારુ અને (૨) કારૂમાં વિભાજિત કરી છે. ચારુ એટલે લલિતકલા અને કારુ એટલે લલિતેતર કે ઉપયોગી કલા.

લલિતકલાઓમાં વાસ્તુ કલા, મૂર્તિકલા, ચિત્ર કલા, સંગીતકલા અને કાવ્યકલાઓ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જ્યારે ઉપયોગી કે લલિતેતર કલાઓમાં લાકડા કામ, લોખંડનું કામ, માટી કામ વગેરેનો સમાવેશ થાય છે.

**કાષ્ઠકલાનો ઉદ્‌ભવ :**

ભારતમાં કલાના એક પ્રકાર તરીકે કાષ્ઠકલા ઉચ્ચ આદર્શોને વરેલી છે. ધર્મ, સમાજ અને સંસ્કૃતિના વાહક તરીકે પ્રાચીનકાળથી કાષ્ઠકલા અત્યંત અગત્યનું અંગ બની રહેલ છે. કાષ્ઠકલાની ઉત્પત્તિ, સિદ્ધિ, એનાં અંગો, લક્ષણો ઇત્યાદિ વિશે પ્રાચીન સાહિત્યમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

ઋગ્વેદમાં રૂપ (શિલ્પ) નિર્માણના ઘણા ઉલ્લેખો આવે છે. ભારતીય શિલ્પ અને સ્થાપત્યના મુખ્ય પ્રણેતા વિશ્વકર્માના નામે ઓળખાય છે. આ સિવાય, મત્સ્યપુરાણમાં વાસ્તુવિદ્યાના ૧૮ પ્રણેતાઓના ઉલ્લેખો છે. તેમાં વિશ્વકર્માનો પણ સમાવેશ થતો હતો. આ ઉપરાંત, વિશ્વકર્મા એ દેવોના શિલ્પી હોવાનું અનુવૈદિક સાહિત્યના લખાણો પરથી જાણવા મળે છે. તેમાં ઉત્તર ભારતની શિલ્પ સ્થાપત્ય પ્રણાલિકાના આચાર્ય તરીકેના ઉલ્લેખ જોવા મળે છે. જ્યારે દક્ષિણની પરંપરાના આચાર્ય વિશ્વકર્માના પુત્ર મય હતા. તેણે શિલ્પ સ્થાપત્યની સ્વતંત્ર પ્રણાલિકા નીપજાવી હોવાનું મનાય છે. રામાયણના કિષ્કિન્ધા કાંડમાં પણ બ્રહ્મા પાસેથી વાસ્તુવિદ્યાનું જ્ઞાન મયે કેવી રીતે મેળવ્યું હતું, તેનું વર્ણન આવે છે. સ્કંદપુરાણ (નાગર-ખંડ-૬-૧૩-૧૪) અનુસાર વિશ્વકર્માને પાંચ પુત્રો હતા. જેમાં મનુએ લોહકર્મ-લુહારીકામ, મયે કાષ્ઠકામ-સુથારીકામ, ત્વષ્ટાએ તામ્રકામ-કંસારાકામ, શિલ્પીએ શિલ્પકામ-કડિયાકામ કે પાષણકામ, દૈવજ્ઞ (તક્ષક, દેવાંશ)એ સુવર્ણકર્મ-સોનીકામ સ્વીકાર્યું હતું. આમ, સુથારો વિશ્વકર્માના પુત્ર મયના વારસદારો ગણાય છે. સુથાર કે સુતાર શબ્દ સંસ્કૃત શબ્દ સૂત્રધાર પરથી ઉતરી આવ્યો છે. સૂત્ર એટલે દોરી + ધાર એટલે ધારણ કરનાર. સુથાર એટલે લાકડા-કાષ્ઠનું કામ કરનાર કારીગર.

જૂના કાળે લાકડું ધારેલા માપ પ્રમાણે વહેરવા માટે સૂત્ર એટલે ગેરુના રંગમાં સૂતરની દોરી રંગીને છાંટ પાડવામાં આવતી હતી. આ ક્રિયા પરથી સૂતર ધરવાવાળા તે સૂત્રધાર કે સુથાર કહેવાયા. આવી જાતનું અંકન કરવાની વિદ્યા-કળા લાકડા વહેરવા પૂરતી મર્યાદિત નહોતી પણ ઘરના નકશા-પ્લાન કરવા સુધી વિકાસ પામી હતી.

અદ્વિતીય અને ઉત્તમ પામવાની ખેવના, રસરુચિ, સંતોષવાની ભાવના, સતત નવું-નવું કરતા રહેવાની ઉત્કૃષ્ટા અને ઝંખના, એકબીજાની આગળ જવાની હરીફાઈ વગેરે કારણોસર સદીઓથી સ્થાપત્ય સૌંદર્યમાં વૃદ્ધિ થતી રહે છે. ઉપયોગિતા, નવીનતા, અદ્વિતીયતા, ભવ્યતા, સુંદરતા ઇત્યાદિ સ્થાપત્યની ઓળખ છે. તેમાં ગુજરાતની સ્થાપત્ય અને કાષ્ઠકલા જગવિખ્યાત છે. ખાસ કરીને ગુજરાતમાં બારી-બારણાં, દ્વારશાખ, ઝરૂખા, હવેલી, કઠેડા, થાંભલી, પેટી-પટારા, કબાટ, પલંગ, હીંચકા અને ઝુલા, બાજોઠ, પાટલા, માંચી, ચબૂતરા, ગૃહસુશોભન માટેની નાની-મોટી ચીજો એમ કાષ્ઠની અનંત વસ્તુઓ બને છે. જેમાં ઉપયોગિતા અનુસાર કારીગરોએ એને મહત્તમ સુંદરતા આપવાનો પ્રયાસ કર્યો છે. આ બધામાં હવેલીઓ કાષ્ઠ કોતરણીના ક્ષેત્રમાં વિશ્વભરમાં બેનમૂન ગણાય છે.

**હવેલી સ્થાપત્ય :**

ભારતમાં પ્રાચીનકાળ દરમ્યાન સંયુક્ત કુટુંબપ્રથા અસ્તિત્વમાં હતી. તેથી એકથી વધુ માણસો વસવાટ કરી શકે તેને લક્ષમાં રાખીને ગૃહની રચના

કરવામાં આવતી હતી. એમાં રવેશ, ચોક, પરસાળ, પૂજાસ્થળ, કોઠાર, રસોડુ વગેરે હતાં. આવા અનેક પ્રકારની વિવિધતા ધરાવતાં ગૃહોમાં સામાજિક મોભો, કુલ પરંપરાઓ અને મર્યાદાઓનું સવિશેષ જતન થતું. આ પરંપરા છેક પ્રાગ ઐતિહાસિક કાળથી માંડીને ઈ.સ. ૧૯મી સદી સુધી કાર્યરત હતી. ઈ.સ.ની ૨૦ મી સદીમાં માનવમૂલ્યોના પતન થવાની સાથે આવા મોટા પ્રલંબ ગૃહોની ઉપયોગિતા ઘટી ગઈ. પરંતુ આજેય પુરાણી પરંપરા, ઢબની અને બાંધકામ ધરાવતી ડેલીઓ અને હવેલીઓ આપણા સમૃદ્ધ સ્થાપત્યની સાક્ષી પૂરી રહી છે.

ગુજરાતમાં અલંકારપૂર્ણ કાષ્ઠ સ્થાપત્યનો પ્રારંભ ઈ.સ.ની ૧૨ મી સદીમાં થયો અને ઈ.સ.ની ૧૫મી સદી સુધીમાં તેનો વિકાસ ચરમસીમાએ પહોંચ્યો અને આ પરંપરા ઈ.સ. ૧૯ મી સદી સુધી ચાલતી રહી. તેના પરિણામ સ્વરૂપે ગુજરાતભરમાં અનેક ગામો અને નગરોમાં કાષ્ઠ કોતરણીથી સમૃદ્ધ એવા મકાનો, હવેલીઓ, મહેલો અને મંદિરોની રચના થઈ. જેમાં જૂનામાં જૂના ૪૨૫ વર્ષ સુધીના નમૂનાઓ અને અવશેષો પ્રાપ્ત થાય છે. ગુજરાતના કાષ્ઠ સમૃદ્ધિનાં મહત્ત્વનાં કેન્દ્રો પાટણ, સિદ્ધપુર, અમદાવાદ, ઈડર, નડિયાદ, ખંભાત, સુરત, ભરુચ, પ્રભાસ પાટણ, જૂનાગઢ, જામનગર, વસો, ખંભાળિયા, માંગરોળ, પોરબંદર, હળવદ, ભાવનગર ઇત્યાદિ છે.

ભારતમાં વાસ્તુવિદ્યાના ક્ષેત્રમાં બે પરંપરાઓ (૧) ઉત્તરી પરંપરા અને (૨) દક્ષિણી પરંપરા પ્રચલિત છે. શિલ્પી નકુલના પુત્ર મલ્લે પ્રમાણમંજરીમાં ઈ.સ. ની ૧૩ મી અને ૧૪ મી સદીના કાષ્ઠ શિલ્પોના સિદ્ધાંતો ઉપર ચર્ચા કરી છે. તેમાં જે શિલ્પોના સિદ્ધાંતોની વાત કરી છે; એ પ્રમાણેના કાષ્ઠશિલ્પો ગુજરાત અને રાજસ્થાનમાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. કાષ્ઠનિર્મિત હર્મ્ય ભવનના આ લક્ષણોમાંથી મોટાભાગના ગુજરાતના હવેલી સ્થાપત્યમાં જોવા મળે છે. ગુજરાતના હવેલી સ્થાપત્યની ગણના વિશ્વભરના સર્વશ્રેષ્ઠ કાષ્ઠ કોતરણી મંડિત બેનમૂન સ્થાપત્યમાં થાય છે. હવેલી એ કુટુંબનાં મોભા, ગૌરવ અને વૈભવનું પ્રતિક ગણાતી હતી. તે લોકસાહિત્યમાં નગરશેઠની હવેલીના નામે ઓળખાતી હતી. સમાજના ઉચ્ચ, મધ્યમ વર્ગના અને સમૃદ્ધ પરિવારો, શ્રેષ્ઠીઓ, વેપારીઓ, ધર્માચાર્યો વગેરે હવેલીના નામે ઓળખાતા પોતાના આવાસોને વિશિષ્ટ સ્થાપત્યકીય આયોજન અનુસાર તૈયાર કરાવીને પોતાની શક્તિ અને સમૃદ્ધિ મુજબ ઉત્તમ કાષ્ઠ કોતરણી અને ભીંતચિત્રોથી તેની સજાવટ કરાવતા હતા.

આવી શ્રેષ્ઠ સ્થાપત્ય કલા ધરાવતી હવેલીઓમાં વડોદરામાં સુરેશ્વર દેસાઈની હરિભક્તિ કુટુંબ અને લલ્લુ બહાદુર (મંગળ પારેખ)ની હવેલી, અમદાવાદમાં શાંતિદાસ ઝવેરીની હવેલી તથા દોશીવાડાની પોળમાં વૈષ્ણવ હવેલી અને તેની સામે આવેલી ઝવેરીની હવેલી અને ફતાસા પોળની હઠીસિંહની હવેલી, સાંકડી શેરીમાં આવેલી દ્વિવેટિયાની હવેલી, હાજા પટેલની પોળમાં આવેલ ટંકશાળની હવેલી, રાયપુરમાં આવેલી સારાભાઈની હવેલી, ભરૂચમાં લલ્લુભાઈ અને ભિખારીદાસ ઇત્યાદિ સર્વશ્રેષ્ઠ હવેલીઓ છે.

ખેડા જિલ્લાનું વસો ગામ દરબાર ગોપાલદાસ અને મહેન્દ્રભાઈની હવેલીના નામથી જાણીતું છે. આ હવેલીઓ ૨૫૦ વર્ષ જૂની છે. લાકડામાંથી બનાવવામાં આવેલી આ અદ્દભુત હવેલીના દરેક ખૂણામાંથી કલા ટપકે છે. આ હવેલીની ખાસિયત એ છે કે, તે કાષ્ઠની ઉત્કૃષ્ટ કલાકૃતિ છે. ભારતમાં જૂનાકાળે સંયુક્ત કુટુંબનું જે મૂલ્ય હતું તે આ હવેલીઓ જોઈને સ્પષ્ટ દેખાઈ આવે છે. આ કાષ્ઠ પરનું નકશીકામ કાળની થપાટો વચ્ચે બે સદીઓથી જીવંત રહ્યું છે. આ સિવાય, વિઠ્ઠલભાઈની હવેલીનું નિર્માણ ઈ.સ. ૧૮૭૨માં કરવામાં આવ્યું હતું. વિસનગરમાં સંવત ૧૯૭૫ માં મથુરદાસ મગનલાલની (ફદા શેઠની) હવેલીનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ સિવાય, ગુજરાતના રાજકીય ઇતિહાસ


ISSN 0976-9609

અને અમદાવાદમાં ભદ્રના કિલ્લાની અંદર આવેલી ગાયકવાડની હવેલી માટે ઘટેલી ઘટના નોંધપાત્ર છે. આ ઘટના હવેલી સ્થાપત્યનું મહત્ત્વ વધારે છે.

હાથમાં દંડો, બગલમાં મોઈ;
હવેલી લેતાં, ગુજરાત ખોઈ.

ઇ.સ. ૧૮૦૦ માં અમદાવાદમાંથી ગાયકવાડને હાંકી કાઢવા માટે સરસૂબા આબા શેલુકરે હવેલી ઉપર આક્રમણ કર્યું હતું. પરંતુ તેનો ગાયકવાડ શાસક ગોવિંદરાવે પ્રતિકાર કરીને અમદાવાદની જીતી લીધું હતું અને તેને ગુજરાત ખોવાનો વારો આવ્યો હતો.

**સ્વામિનારાયણ સંપ્રદાયની હવેલીઓ :**

ગુજરાતના હવેલી સ્થાપત્ય અને કાષ્ઠકલાના વિકાસમાં ધર્મ સંપ્રદાયોનું પણ યોગદાન ઉલ્લેખનીય છે. ઈ.સ.૧૯મી સદીના પૂર્વાર્ધમાં વિકસેલા સ્વામિ-નારાયણ મંદિરોના સ્થાપત્ય સાથે વિકસેલ વિશિષ્ટ હવેલી સ્થાપત્યમાં ગુજરાતની કાષ્ઠકલાના ભવ્ય વારસાને સાચવવાનો સ્તુત્ય પ્રયાસ થયો છે. આ સંપ્રદાયના સંતો માટે મૂળી, વડતાલ, ભૂજ, ધોલેરા, ગઢડા, જેતલપુર અને અમદાવાદના મંદિરોના પ્રાંગણમાં એકથી વધુ માળવાળા હવેલી આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ સિવાય, ધોલેરા, વડતાલ અને મૂળીમાં બાઈઓની હવેલીઓ પણ આવેલી છે. આ હવેલીઓમાં સાધુ-સંતો નિવાસ કરતા હતા. મંદિરના પટાંગણમાં વિશાલ અને બહુમાળી આવાસોની રચના કરવામાં આવતી. જેમાં ગુજરાતની નજાકતભરી લાલિત્યપૂર્ણ હવેલીના સ્થાને તેના વિરાટ સ્વરૂપનું દર્શન થાય છે. તેને પણ ઉત્કૃષ્ટ કાષ્ઠકલાથી અલંકૃત કરવામાં આવતી હતી. તેનું સમગ્ર બહુમાળી માળખું કાષ્ઠના ઊંચા અને મજબૂત સ્થંભો અને અર્ધસ્થંભો, પાટડા, તુલિકાઓ, મોભ અને ભારોટ ઇત્યાદિ પર આશ્ચર્યજનક રીતે ઉભું હોય છે. હવેલીઓને બનાવવામાં અને તેને સુશોભિત કરવામાં કારીગરોએ પોતાનું સમગ્ર કૌશલ્ય રેડી દીધું હોય તેવું જણાય છે.

જૂના સમયમાં હવેલીઓ બનાવવા માટે હરીફાઈઓ થતી. તેના લીધે ગુજરાતમાં શ્રેષ્ઠતમ હવેલીઓનું નિર્માણ થઈ શક્યું, ગુજરાતના જેવી હવેલીઓનું બીજા કોઈ પ્રદેશમાં નિર્માણ થયું નથી. આજે પણ ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં હવેલીઓ બનાવવાનું કાર્ય ચાલુ છે. વિચાર વાસણ મ્યુઝિયમના પ્રણેતા સુરેન્દ્ર પટેલે સાળંગપુર, કુંડળ, મૂળી, વડતાલ અને ઓગણજ ઇત્યાદિ મંદિરોમાં કલાત્મક હવેલીઓ બનાવવાનું કામ કર્યું છે.

ઈ.સ.ની ૧૯ મી સદીના પૂર્વાર્ધમાં વિકસેલા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો માટે મૂળી, વડતાલ, ભૂજ, ધોલેરા, ગઢડા, જેતલપુર અને અમદાવાદના મંદિરોના પ્રાંગણમાં એકથી વધુ માળવાળા હવેલી આવાસોની રચના જોવા મળે છે. ધોલેરા, વડતાલ અને મૂળીમાં બાઈઓની હવેલીઓ આવેલી છે. જોકે, જૂનાગઢમાં આવેલી હવેલી આગ લાગવાને કારણે નાશ પામી હતી.

**શ્રેષ્ઠતમ હવેલીઓની બાંધકામની રચના :**

ગુજરાતમાં પરંપરાગત હવેલી સ્થાપત્યમાં સામાન્ય રીતે ભોંયતળિયું તથા એક કે બે માળની રચના જોવા મળે છે. હવેલીમાં કુટુંબની જરૂરિયાતોને ધ્યાનને લઈ ખડકી, વરંડો, પ્રવેશદ્વાર, તેની ઉપર માઢ અને ઝરૂખો, ચોક, ઓસરી, પરસાળ, ચોકની એક તરફ દીવાનખંડ, મહેમાનખંડ, સામે સૂવાના ઓરડા, ત્રીજી તરફ રસોડું, પાણિયારું, પૂજા કરવા માટેની ઓરડી ઇત્યાદિનો સમાવેશ કરવામાં આવતો હતો. આ સિવાય, ચોકની વચ્ચે પાણીનું ટાંકુ બનાવવામાં આવતું હતું. જેમાં આખું વર્ષ ચાલી શકે તેટલા જળનો સંગ્રહ કરવામાં આવતો હતો. હવેલીની આગળની ઓસરીમાં મેડી ઉપર જવા માટે મોટો દાદર મુકવામાં આવતો અને અંદરના ઓરડામાંથી ઉપર જવા નાનકડી સીડી ગોઠવવામાં આવતી. આ અંદરની નાનકડી સીડીનો ઉપયોગ મુખ્યત્વે ઘરના સ્ત્રીવર્ગ દ્વારા કરવામાં આવતો હતો. આમ, વિવિધ સગવડોયુક્ત હવેલીના બાંધકામમાં પણ વિવિધતા જોવા મળે છે.

હવેલીઓમાં પ્રવેશવા માટે પ્રથમ રાજમાર્ગ પરથી પોલ કે શેરીની ડહેલી કે ખડકીમાં પ્રવેશ કરવો પડતો. ખડકી વટાવતાં મોટા ચોકમાં આજુબાજુ મકાનો જોવા મળે છે. તેમાંથી હવેલીવાળા મકાનમાં પ્રવેશવા ડહેલીની બંને તરફ થાંભલાવાળા દોઢી જેવા ઓટલા હોય છે. તેની ઉપર માઢની રચના કરેલી જોવા મળે છે. માઢમાં પણ વચ્ચે દીવાલમાં પથ્થર કે કાષ્ઠ કોતરણીવાળા ઘોડા (મદલ)ની એક કે બે જોડથી ટેકવેલો સુંદર ઝરૂખો (ગવાક્ષ) કાઢેલો જોવા મળે છે. ચોક વટાવીને સામે આવેલા રહેઠાણના મુખ્ય ભાગમાં જવા પ્રથમ પગથિયાં ચડી સ્થંભાવલીયુક્ત ઓસરીમાં જવું પડે. આ સ્થંભોના શરા, ભરણી, ફાડચા (ફાલના) વગેરે સુંદર કોતરણીથી સજાવેલા જોવા મળે છે. તેના પર મોભ, પાટ અને વલિકાઓનું બનેલું છાદ્ય ગોઠવવામાં આવેલું હોય છે. ઓસરીમાં વરસાદનું પાણી આવતું અટકાવવા કેટલીકવાર સ્થંભોના અગ્રભાગમાં કલાત્મક મદલો ગોઠવી તેના ઉપર ઢળતું છજું ગોઠવવામાં આવતું હોય છે. આમ, હવેલી વિવિધ ભાગોમાં ઉત્તમ પ્રકારની કાષ્ઠ કોતરણી ઉડીને આંખે વળગે તેવી છે. આ હવેલીઓને વધુ આકર્ષિત બનાવવા માટે સ્પર્ધાઓ પણ થતી હતી. હવેલીને રંગરોગાન કરીને શણગારવામાં આવતી હતી.

ગુજરાતની કલાનાં ધરોહર સમા કસબકારોએ ગુજરાતના કલાવારસાને પેટના જણ્યાની જેમ જાળવીને સમાજમાં જીવતો રાખ્યો છે. તેમણે અનેક જાતની મુશ્કેલીઓ વેઠીને પણ કલાને જીવાડવાનો પ્રયત્ન કર્યો છે. પ્રધાન કલાકારોના હાથે અનેક ઉન્નત કોટિનાં સર્જનો થયાં છે. પ્રત્યેક કલાકારોની શક્તિ આગવી હતી. એનો કસબી - કારીગર તો જે કંઈ સારું લાગે તે સ્વીકારવા માટે મુક્ત છે. તેથી જ એક જ સ્થળ અને સમયે પરંપરિત છતાં ભિન્નત્વની છાંટવાળી હવેલીઓ જોવા મળે છે.

**નિષ્કર્ષ :**

કોઈપણ દેશની સંસ્કૃતિ કે સભ્યતાનું મૂલ્યાંકન કલાના માધ્યમ વડે કરવામાં આવતું હોય છે. કલા સૌંદર્યનું સર્જન કરે છે. દેશ, સમય અને પરિસ્થિતિ પ્રમાણે સમયાંતરે સૌંદર્યનું સ્વરૂપ બદલાતું રહે છે. સૌંદર્યના સ્વરૂપની સાથે કલાનું સ્વરૂપ પણ બદલાતું રહે છે. કાષ્ઠકામ એ લોકવિદ્યા છે; એટલે જ લોકવિદ્યામાં સમગ્ર લોકજીવન અને લોક અભિવ્યક્તિનો સમાવેશ થઈ જાય છે, તેમ કાષ્ઠકામમાં પણ લોકજીવનનો ધબકાર જોવા મળે છે. આ સિવાય, તેમાં માણસ પોતાના મૌલિક પ્રયોગ રીતની સાથે પોતાની પરંપરાને અનુસરે છે. તેથી જ, હવેલીઓને સુશોભિત કરવામાં કારીગરોએ પોતાનું સમગ્ર કૌશલ્ય રેડી દીધું હોય તેવી પ્રતીતિ થયા વગર રહેતી નથી. આમ, કાષ્ઠમાં કલા અને કસબના ઉભયનો સુભગ સમન્વય જોવા મળે છે.

ભારતમાં કાષ્ઠકામનાં મુખ્ય કેન્દ્રો તરીકે મૈસૂર, કાશ્મીર અને ગુજરાત જગપ્રસિદ્ધ છે. આ પ્રાંતોએ લોકકલાના લક્ષણવાળા ઉત્તમ કાષ્ઠશિલ્પો જગત સમક્ષ મૂક્યા છે. આમ, ગુજરાતની કાષ્ઠશિલ્પ અને કાષ્ઠકામ એક આગવી લોકશૈલી ગણાય છે. સાંપ્રતમાં ઊભા રહી આપણે આપણાં પૂર્વજોની સૌંદર્યપરક આવી ઉપલબ્ધિઓને અવલોકીએ તો અહોભાવ જન્મ્યા વગર રહેતો નથી. આમ, ગુજરાતે પોતાનો પ્રાચીન કે પરંપરાગત વારસો જાળવી રાખ્યો અને સમયને અનુરૂપ નવી ક્ષિતિજો સર પણ કરી છે. તેથી જ, કાષ્ઠકલામાંથી નિર્મિત હવેલીઓનું ગુજરાતનું ઉજળું સોપાન રહ્યું છે. આમ, ગુજરાતની કાષ્ઠકલામાંથી નિર્મિત હવેલીઓની ગણના સાંસ્કૃતિક અને ઐતિહાસિક ધરોહરમાં કરી શકાય.

**સંદર્ભ સૂચિ :**


૧. આહીર નિસર્ગ - કલા ઐશ્વર્ય, કલાતીર્થ - સુરત, પ્રથમ આવૃત્તિ - ૨૦૨૨.

૨. જાદવ જોરાવરસિંહ, ગુજરાતની લોક સાંસ્કૃતિક વિરાસત, માહિતી ખાતું - ગુજરાત સરકાર, વર્ષ - ૨૦૧૮/૧૯.

૩. નાયક કનુ - કલા માધુર્ય, - ૧૯૬૨.
૪. પરીખ નટુભાઈ - કલા કસબ, ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ - ૨૦૧૪.
૫. પરીખ પ્રવીણચંદ્ર - ભારતીય પ્રાચીન શિલ્પકલા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ૧૯૭૮.
૬. શેલત ભારતી, જમીનદાર રમેશ - અમદાવાદ ઈતિહાસ અનુસંધાન, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ - ૨૦૧૪.
૭. સેદાણી હસુતાબેન - ગુજરાતની લોકસંસ્કૃતિ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - તૃતીય આવૃત્તિ ૨૦૧૫.
૮. સોમપુરા કાંતિ - ગુજરાતનું કાષ્ઠ શિલ્પ સ્થાપત્ય, લોકભારતી સંવત ૨૦૧૫.



રિસર્ચ સ્કૉલર
હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ


---

## ।। વિદ્યાવૃત્ત ।।

### ચા.વિ.મંડળ સંચાલિત ગૃહ વિજ્ઞાન પ્રવાહ

ચા.વિ. મંડળ સંચાલિત ગૃહ વિજ્ઞાન પ્રવાહનો ૪૭મો રમતોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં ધોરણ ૧૧ અને ૧૨ની કુલ ૧૩૬ વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતો જેમકે ૧૦૦ મીટર દોડ, ચક્ર ફેંક, ગોળા ફેંક, બરછી ફેંક, ખો-ખો, કબડ્ડી, રસ્સી ખેંચ, સતોડિયું જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી નીતિનભાઈ પટેલ, એસ.ડી.દેસાઈ સ્કૂલના સીનિયર શિક્ષક દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી, રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો. એસ. એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સના આચાર્યા ડૉ. ભાવના ચૌહાણના વરદ હસ્તે વિદ્યાર્થિનીઓને સર્ટિફિકેટ અને શિલ્ડ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમનું સંચાલન શાળાના સ્પોર્ટ્સ સેક્રેટરી શ્રી અનિલભાઈ પ્રજાપતિ અને શાળાના સ્પોર્ટ્સ સેક્રેટરી કુમારી ધરા દવેએ આચાર્યશ્રી ડોલીબેન મોહેના માર્ગદર્શનમાં કર્યું હતું.

### ગો.જો.શારદા મંદિર, પ્રા.વિ. વિદ્યાનગર

(૧) તા. ૬-૧૨-૨૦૨૫ ના રોજ વકતૃત્વ સ્પર્ધા વિષય ભગવદ્ ગીતાનો સંદેશઃ કાયર નહિ, નીડર બનો. (ગીતા જયંતિ ૨૦૨૫ના ઉપલક્ષમાં શ્રી સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમર્પણ ટ્રસ્ટ આયોજિત) પૂર્વા હિરેનભાઈ ભોપાળા તાલુકા કક્ષાની સ્પર્ધામાં દ્વિતીય વિજેતા બન્યાં છે. પ્રિન્સિપાલ તેમજ સ્ટાફે વિજેતાને અભિનંદન પાઠવ્યા હતા.

(૨) ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આયોજિત **માનસિક દિવ્યાંગ ખેલાડીઓ માટેનો સ્પેશિયલ ખેલ મહાકુંભ** ૨૩-૧૨-૨૦૨૫ અને ૨૪-૧૨-૨૦૨૫ ના રોજ યોજાયો હતો. જેમાં નિત્યા સુમિતભાઈ ઉપાધ્યાય ધો.૯ ડી. જિલ્લા કક્ષાએ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ આવેલ અને રૂા. ૫,૦૦૦ નું રોકડ ઈનામ મેળવેલ છે. તથા બેડમિન્ટન સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલ તેમાં રૂા. ૫,૦૦૦ નું ઈનામ મેળવેલ છે.

## ॥ ચિંતન-કણિકા ॥

## Shakespeare Quote :

**આર. કે. માંડલિયા**

"All that glisters is not gold;
Often have you heard that told;
Many a man his life hath sold
But my outside to behold:
Gilded tombs do worms enfold."

(William Shakespeare's The Merchant of Venice Act:II Scene:VII)

ઉપરોક્ત પંક્તિઓ વિલિયમ શેક્સપિયરની રોમેન્ટિક કોમેડી ધ મરચન્ટ ઓફ વેનિસના બીજા અંકના સાતમા દશ્યમાં મોરોક્કોના રાજકુમાર દ્વારા બોલાયેલી જે આ પંક્તિઓને વાંચી રહ્યો છે. આ એ જ કોમેડી છે કે જેમાં શાયલોક જેવા ક્રૂર ખલનાયક પણ છે અને પોર્શિયા જેવી અતિ બુદ્ધિ-ચાતુર્યસંપન્ન નાયિકા પણ છે. પોર્શિયા માતા-પિતા વિહીન અતિ સુંદર યુવતી છે કે જે ભૌતિક દષ્ટિએ સાધન-સંપન્ન છે. તેનાં માતા-પિતા મૃત્યુ પહેલા પોર્શિયા માટે ઘરેણાં મુકવાની ત્રણ ડબ્બી-કાસકેટ-છોડી ગયા છે. તેમાં એક સોનેરી, એક રૂપેરી અને ત્રીજી લોખંડની છે. આ ત્રણમાંથી એક ડબ્બીમાં પોર્શિયાનું ચિત્ર રાખવામાં આવ્યું છે. મૃત્યુ પહેલાં પોર્શિયાને તેના માતા-પિતાએ સૂચન કર્યું હતું કે, તું જ્યારે લગ્ન કરવા લાયક વયની થઈ જા અને તને જ્યારે યુવકો જોવા આવે ત્યારે તેને આ ત્રણ ડબ્બી બતાવી તેમાંથી કોઈ પણ એક ડબ્બી ખોલવાનું કહેજે. જે યુવક પોર્શિયાના ચિત્રવાળી ડબ્બી ખોલે તે યુવક સાથે પોર્શિયાએ લગ્ન કરી લેવું.

સમયને વહેતા વાર નથી લાગતી. પોર્શિયા જ્યારે લગ્નલાયક વયને પહોંચે છે ત્યારે આવી સાધન-સંપન્ન, સુંદર અને સંસ્કારી યુવતીને પામવા યુવકોની શરૂઆત થાય છે. તે યુવકોમાં એક છે. મોરોક્કોનો રાજકુમાર જે પોર્શિયાને પામવાનું સ્વપ્ન સેવી રહ્યો છે. પોતાના માતા-પિતાએ આપેલ સૂચન અનુસાર પોર્શિયા આ રાજકુમારને પેલી ત્રણ ડબ્બીઓ જ્યાં રાખવામાં આવી છે તે રૂમમાં લઈ જાય છે અને કોઈ પણ એક ડબ્બી ખોલવા કહે છે. રાજકુમારે ખોલેલી ડબ્બીમાં જો પોતાનું પોર્શિયાનું ચિત્ર નીકળશે તો તે અચૂક મોરોક્કોના રાજકુમારને પોતાના જીવનસાથી તરીકે સ્વીકારી લેશે. રાજકુમાર ત્રણેય ડબ્બીઓને બારીકાઈથી નિહાળે છે, ઉપર લખેલ વાક્યોને વાંચે છે. અને વિચારે છે કે પોર્શિયા જેવી જાજરમાન યુવતીનું ચિત્ર લોખંડની કટાઈ ગયેલી ડબ્બીમાં તો ક્યાંથી હોય ? કઈ ડબ્બી ખોલવી તેનો નિર્ણય તે ડબ્બીનાં બાહ્ય દેખાવ ઉપરથી નક્કી કરે છે. સૌથી વધુ સુંદર સોનેરી ડબ્બી દેખાય છે. અને તેથી તે સોનેરી ડબ્બી ખોલે છે. પરંતુ આ શું ? સોનેરી ડબ્બીમાં તો માનવની ખોપરી જોવા મળે છે. અને ઉપરોક્ત ટાંકેલી પંક્તિઓ. માનવી માત્ર અહીં જ ભુલ કરી બેસતો હોય છે.

ઉપરોક્ત ટાંકેલ પંક્તિઓમાં શેક્સપિયરના માનવ સ્વભાવનાં એક પ્રખર અભ્યાસુ તરીકે દર્શન થાય છે. તેઓ એ વાતથી સુપેરે વાકેફ છે કે દરેક માનવી બાહ્ય દેખાવ અને બાહ્ય સૌંદર્યથી અંજાઈ જઈને તેની પાછળ દોડવામાં પોતાનું જીવન વેડફી નાખે છે. જ્યારે આ સત્યની ખબર પડે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. મોરોક્કોનો રાજકુમાર પણ માનવ સહજ આ દુર્બળતામાં અપવાદ રૂપ નથી. અહીં મોરોક્કોનો રાજકુમાર માનવની જે બાહ્ય સુંદરતા પાછળ દોડવાની જ નબળાઈ છે તેનો પ્રતિક બને છે. માનવ ખોપરી સાથે નીકળેલ તે પંક્તિઓમાં એ સનાતન સત્ય વ્યક્ત કરવામાં આવ્યું છે કે, ચમકતી દરેક વસ્તુ સોનું નથી હોતી. અગણિત માનવીઓએ બાહ્ય સુંદરતા પાછળ દોડીને પોતાના જીવન બરબાદ અને પાયમાલ કરી દીધા છે. કબર ભલે આરસથી મઢેલી હોય સોનેરી-રૂપેરી રંગથી ચમકતી હોય પણ જો તેને ખોલીને, ખોદીને જોઈએ

 ISSN 0976-9609

તો તેમાં મૃતદેહને ચૂંથતા કીડા જ જોવા મળે. સંદેશ એ છે કે, બાહ્ય ચમક-દમક અને દેખાવનાં આધારે ન તો અભિપ્રાય બાંધવો કે ન નિર્ણય લેવો. આવા નિર્ણય માનવીને અધઃપતન તરફ દોરી જતો હોય છે. મોરોક્કોના રાજકુમારનું પોર્શિયાને પામવાનું સ્વપ્ન રોળાઈ જાય છે. અને ખાલી હાથે પાછો ફરે છે. શેક્સપિયર આગળ કહે છે કે માનવી ભલે ઉંમરની દૃષ્ટિએ યુવાન હોય પણ શાણપણ અને નિર્ણય લેવાની બાબતમાં તો તેનું વલણ એક વયસ્ક અને પુખ્ત વ્યક્તિ જેવું હોવું જોઈએ. પોર્શિયા મોરોક્કોના રાજકુમારને એ કથન સાથે વળાવી દે છે કે, 'તારા પ્રયત્નમાં તું નિષ્ફળ રહ્યો હવે ફરી કદાપિ આવીશ નહીં.'

(મો) ૮૩૨૦૧૯૫૨૮૨

## ॥ વિદ્યાવૃત્ત ॥

### ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ)માં આજ રોજ તા.૨૬ ડિસેમ્બર ૨૦૨૫ વીર બાળ દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો.

આ દિવસે વિદ્યાર્થીઓમાં દેશભક્તિ, સાહસ અને વિચારશક્તિ વિકસે તે હેતુસર વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ માટે ડિબેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ સ્પર્ધાનો વિષય ''Digital India'' રાખવામાં આવ્યો હતો. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ડિજિટલ ઇન્ડિયાના લાભ, ટેક્નોલોજીનો શિક્ષણ, આરોગ્ય, શાસન અને રોજગાર ક્ષેત્રે થયેલા ઉપયોગ, લાભ અને ગેરલાભ અંગે પોતાના વિચારો સ્પષ્ટ અને અસરકારક રીતે રજૂ કર્યા.

વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસપૂર્વક ભાગ લઈ પોતાની વક્તૃત્વ કલા અને વિચારશક્તિનું સુંદર પ્રદર્શન કર્યું. કાર્યક્રમનું સંચાલન જી જી વાલાણી દ્વારા કરવામાં આવ્યું હતું ભાવનાબેન પવાર અને ઋત્વિકાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટે અભિનંદન પાઠવવામાં આવ્યા.

### ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઑફ ફાર્મસી, ન્યૂ વલ્લભ વિદ્યાનગર

''થેલેસેમિયા સ્ક્રીનિંગ પ્રોગ્રામ-IICP: ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઑફ ફાર્મસી, ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે NSS તથા રેડ રિબન ક્લબની પ્રવૃત્તિઓ અંતર્ગત પ્રથમ વર્ષ B. Pharmના વિદ્યાર્થીઓ માટે 16 ડિસેમ્બર 2025ના રોજ થેલેસેમિયા સ્ક્રીનિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંકલન શ્રીમતી પલક કે. વ્યાસ (NSS પ્રોગ્રામ ઓફિસર) તથા કુમારી માનસી કે. પટેલ (રેડ રિબન ક્લબ કો-ઓર્ડિનેટર) દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ થેલેસેમિયા રોગ અંગે જાગૃતિ ફેલાવવાનો, તેના જિનેટિક સ્વરૂપની સમજ આપવાનો તથા સમયસર સ્ક્રીનિંગના મહત્વ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવાનો હતો. વિદ્યાર્થીઓને રોગનાં કારણો, સંક્રમણની પદ્ધતિ તથા નિવારક ઉપાયો વિશે માહિતી આપવામાં આવી હતી. ઇચ્છુક વિદ્યાર્થીઓમાંથી તમામ ચિકિત્સાકીય તથા સુરક્ષા નિયમોનું પાલન કરીને રક્તના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન નિષ્ણાત તબીબોના સહયોગથી તથા કોલેજના અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીને કારણે કાર્યક્રમ સફળ રહ્યો અને યુવાઓમાં આરોગ્ય જાગૃતિ તથા સામાજિક જવાબદારી વિકસાવવામાં સહાયરૂપ બન્યો. જેમાં ૯૧ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકોએ ભાગ લીધો હતો.

## ।। સાહિત્ય-પરિચય ।।

## અતિ મહત્ત્વાકાંક્ષાના દુષ્પરિણામને વ્યક્ત કરતું નાટક : 'મેકબેથ'

**મનીષ વણકર**

અંગ્રેજી સાહિત્યમાં વિશ્વ પ્રસિદ્ધ કવિ અને નાટ્યકાર વિલિયમ શેકસપિયરનો જન્મ ૨૩ એપ્રિલ, ૧૫૬૪માં વૉરવિકશાયરના એવન નદી કાંઠે આવેલા સ્ટ્રેટફર્ડ ગામમાં થયો હતો. શેકસપિયર તેમના માતા-પિતાનું ત્રીજું સંતાન હતા. પરિવારની ગરીબાઈના કારણે વતન છોડી લંડન કામ અર્થે આવ્યા અને 'લોર્ડ ચેમ્બરલઈન મેન' કંપનીમાં જોડાયા. ત્યારપછી વિશ્વ વિખ્યાત 'ગ્લોબ થિયેટર' અને બ્લેક થિયેટર સાથે જીવનના અંત સુધી સંકળાયેલા રહ્યા. આ થિયેટર સાથે કામ કરતાં કરતાં તેમની અંદર રહેલી સર્જન શકતી ખીલી ઊઠી અને નાટકો તરફ વળ્યા. તેમજ પોતાના નાટકોમાં અભિનય પણ કરવા લાગ્યા. 'સાઉથમ્પ્ટન'ના સમ્રાટ સાથે મિત્રતાને પરિણામે તેમને પ્રસન્ન કરવા માટે તે કવિતા પણ લખતા હતા.

શેકસપિયરે પોતાના નાટકના વિષયવસ્તુને ઇતિહાસ કે લોકસાહિત્યમાંથી તેના બીજ લઈને પોતાની સર્જક પ્રતિભા અને નવીન ઉમેરણ કરી સર્જન કર્યું છે. તેમની પાસેથી ઐતિહાસિક, કોમેડી, ટ્રેજેડી, ટ્રેજી-કોમેડી અને ફારસ પ્રકારનાં નાટકો પ્રાપ્ત થાય છે, પરંતુ શેકસપિયરને સૌથી વધુ પ્રસિદ્ધિ ટ્રેજેડી નાટકોમાં પ્રાપ્ત થઈ છે. 'જુલિયસ-સીઝર', 'કોમેડી ઑવ એરર્સ', 'એઝ યુ લાઈક ઈટ', 'રોમિયો એન્ડ જુલિયટ', 'હેમ્લેટ', 'ઓથેલો', 'મેકબેથ,' 'કિંગ લિયર' આદિ નાટકો વિશ્વપ્રસિદ્ધ છે તેમજ આ નાટકોના વિશ્વની અન્ય ભાષામાં અનેક અનુવાદ થયેલા છે, ઉપરાંત આ નાટકો પરથી ફિલ્મ દિગ્દર્શકો દ્વારા વિશ્વના દેશોમાં રૂપાંતરણ કરી ફિલ્મ બનાવવામાં આવી છે. આજે પણ સાંપ્રત સમયને ધ્યાનમાં રાખી શેકસપિયરના નાટકો પરથી ફિલ્મ રૂપાંતરણ થતા રહે છે.

શેકસપિયરે 'The Tragedie of Macbeth' શીર્ષકથી નાટક લખ્યું હતું તેના અનેક શો થિયેટરમાં ભજવાયા હતા. શેકસપિયરે સ્કોટલેન્ડના ઇતિહાસમાંથી બીજ રૂપ આધાર લઈ The Tregedie of Macbeth નાટકનું સર્જન કર્યું હતું અને તેમાં પોતાની સર્જન શક્તિ દ્વારા કથાવસ્તુની ગૂંથણી કરી કેટલાક નવીન ઉમેરણ દ્વારા પ્રભાવક શૈલીમાં નાટકને ખીલવ્યું છે.

'મેકબેથ' નાટક સાથે ત્રણ માન્યતાઓ જોડાયેલી છે. જેમાં ''ઈ.સ.૧૬૦૫માં રાજા જેમ્સ સમક્ષ બેન્કોના વારસ રાજા થશે તેવું કથાવસ્તુ લઈ નાટક ભજવવામાં આવ્યું હતું, બીજી માન્યતા મેકબેથ યુદ્ધભૂમિમાં રાજા ડંકનને મારી નાખે છે. ત્રીજી માન્યતા સત્તાની આકાંક્ષા ધરાવતો સૈનિક નિદ્રાધીન રાજા ડંકનને કપટ કરી મારી નાખે છે.'' [૧]આ ઉપરાંત, મેકબેથ નાટકમાં ગ્રીકમાં જોવા મળતી ભવિષ્યવાણી નથી, પરંતુ જર્મનીના જેકબ અને વિલ્હેમની લોકકથા-ઓમાં ડાકણો અલગ અલગ વેશ લઈ માનવી સમક્ષ આવે છે, તેનો આધાર મેકબેથ નાટકમાં જોવા મળે છે.

'મેકબેથ' નાટકને નાટ્ય જગતમાં અભિશાપ રૂપ માનવામાં આવે છે. કારણ કે તેની સાથે અનેક અઘટિત ઘટના, અણબનાવ જોડાયેલા છે. નાટકની ભજવણી દરમિયાન થિયેટરમાં આગ લાગવી, અભિનય દરમિયાન સાથી અભિનેતાને ભૂલથી ચપ્પુ વાગી જતાં તેનું મૃત્યુ થયું હતું, તેમજ લેડી મેકબેથની ભૂમિકા શેકસપિયરે પોતે ભજવવી પડી હતી તેમજ અમેરિકાના લોકપ્રિય રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકનની હત્યા આ નાટક જોતા સમયે થિયેટરમાં કરવામાં આવી હતી. મેકબેથ વિશ્વ પ્રસિદ્ધ દુખાન્ત નાટક છે. અપરાધભાવની સાથે સદ્-અસદ્વચ્ચેનો તીવ્ર સંઘર્ષ છે. તેના અન્ય નાટકો કરતાં કથાવસ્તુની સંઘટના વૈવિધ્યની દૃષ્ટિએ અલગ તરી આવે છે. શેકસપિયરનાં નાટકોમાં મુખ્યત્વે જોવા મળતો સંઘર્ષ, લડાઈ, હત્યા, આત્મહત્યા, પ્રતિશોધ, બદલાની ભાવના, આંતર વિગ્રહ આદિ

 ISSN 0976-9609

ઘટના નાટકનો મુખ્ય આધાર સ્તંભ છે. 'મેકબેથ' પાંચ અંકનું નાટક છે. ઈ.સ.૧૬૦૩ થી ઈ.સ.૧૬૦૭ દરમિયાન સર્જાયેલું અને શેકસપિયરના મૃત્યુ પછી પ્રકાશિત થયેલું. કેટલાય વિવેચકો માને છે કે મેકબેથની હસ્તપ્રતોના કેટલાક અંશો ખોવાઈ ગયેલા છે, કેટલાક વિવેચકોના મત અનુસાર પાછળથી તેમાં અમુક દશ્યોનું ઉમેરણ કરવામાં આવ્યું છે. કેટલાક 'મેકબેથ'ને અપરાધ કથા તરીકે ઓળખાવે છે, તો કેટલાક શેકસપિયરના નાટકોમાં સૌથી વધારે અસદ્ તત્વો સાથે સંકળાયેલું નાટક કહે છે. સુમન શાહ 'મેકબેથ'ને ''અતિવિકૃત મનોદશાનું નાટક કહે છે.'' [૨]શિરીષ પંચાલના મત અનુસાર ''મેકબેથ ખલનાયક નથી, ખલનાયક હોત તો ટ્રેજેડી થઈ ન શકત.'' [૩]મનુષ્યથી અજાણતા કોઈ ભૂલ થઈ જાય અને દુ:ખમાં સરી પડે તો તેને દુખાંત નાટક કહી શકાય, પરંતુ 'મેકબેથ' નાટકમાં મેકબેથ પોતાની સભાન અવસ્થામાં પોતાની મહત્ત્વાકાંક્ષા, સત્તાની રાજપાટની લાલચમાં લેડી મેકબેથના ઉશ્કેરાટ અને ડાકણો, પિશાચોના પ્રભાવથી સમ્રાટ ડંકનની હત્યા કરે છે. અને આ અપરાધને છૂપાવવા માટે એક પછી એક હત્યા, પાપ કરતો જાય છે, જે તેના વિનાશનું કારણ બને છે. તેથી તેને ટ્રેજેડી (દુખાંત) નાટક કહેવું કે નહીં. આમ વિદ્વાનોમાં અલગ અલગ મતમતાંતર જોવા મળે છે.

સ્કોટલેન્ડ અને નોર્વેના સમ્રાટ રાજા વચ્ચે યુદ્ધ થાય છે તેમાં કાઉડોરનો થેઈન નોર્વેના રાજાને ગુપ્ત રીતે મદદ કરે છે અને ડંકન સાથે વિશ્વાસઘાત કરે છે, પરંતુ સેનાપતિ મેકબેથ અને બેન્કોની વીરતા, સાહસિકતા, પરાક્રમ અને વફાદારીને પરિણામે યુદ્ધમાં નોર્વેના રાજાનો પરાજય થાય છે. યુદ્ધ પૂર્ણ થયા પછી પાછા ફરતાં રસ્તામાં બ્રહ્માંડમાં જોવા મળતાં અગોચર તત્ત્વો 'ડાકણો' મળે છે, જે મેકબેથના સમ્રાટ બનવાની ભવિષ્યવાણી કરે છે.

સમ્રાટ બનવાની આકાંક્ષાથી મેકબેથના વિનાશની શરૂઆત થાય છે. તેની અંદર રહેલી સજ્જનતા, માણસાઈ, સદ્‌વૃત્તિ, શુભભાવ, વફાદારી અને નૈતિક મૂલ્યોનું પતન થાય છે અને રાક્ષસીવૃત્તિ જન્મ લે છે તેમજ વિશ્વાસઘાતી અને હિંસક બની જાય છે. પરંતુ બેન્કોનો પુત્ર સમ્રાટ બનવાનું ડાકણ કહેતા તેની અંદર રહેલી રાક્ષસી વૃત્તિ વધુ તીવ્ર બની જાય છે. મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણથી જોઈએ તો પ્રત્યક્ષ નહીં, પરંતુ પરોક્ષ રીતે ડાકણો મેકબેથને બેન્કોથી સાવધાન રહેવાનું સૂચવે છે અને હોશિયારીપૂર્વક બુદ્ધિચાતુર્યથી તેની સાથે કામ લેવાનું સંકેતાત્મક રીતે જણાવે છે. ડાકણો મેકબેથના સજ્જન માનસમાં ધીમે ધીમે ઝેર નાખવાનું કામ કરે છે. જે તેના સમગ્ર શરીરમાં પ્રસરી જાય છે અને સજ્જનમાંથી દાનવ બની જાય છે. મેકબેથના માનસમાં સત્તાની મહત્ત્વાકાંક્ષાના બીજ પહેલેથી તેનામાં પડેલા પરંતુ તેના પરિણામ વિશે વિચારી ભય અનુભવે છે. તેમજ તે રાજા પ્રત્યે વફાદાર વિશ્વાસુ સૈનિક છે. પ્રજાપ્રિય, સદ્‌ભાવ અને માણસાઈ તેના લોહીમાં છે તેથી તે નિષ્કલંક રાજા સાથે વિશ્વાસઘાત કરવા નથી માંગતો; તેના મગજમાં સતત વિચારો ચાલ્યા કરે છે ''જો ભાગ્યમાં લખ્યું હશે કે હું સમ્રાટ થઈશ, તો કોઈ પ્રયત્ન વગર નહીં થઈ જાઉં?'' અહીં તેની મહત્ત્વાકાંક્ષાનું દર્શન થાય છે. સત્તા, પદ, પ્રતિષ્ઠાની આકાંક્ષા દરેક સ્ત્રી-પુરુષના માનસમાં સ્વભાવ સહજ જન્મજાત પડેલા હોય છે, પરિસ્થિતિ અને સંજોગોનું નિર્માણ થતાં તે બહાર આવે છે.

મેકબેથ અલૌકિક ડાકણોની ભવિષ્યવાણી લેડી મેકબેથને જણાવે છે. કિંગ લિયરની 'કોર્ડિલિયા' ઓથેલોની 'ડેસ્ડિમોના' હેમલેટની 'ઓફિલિયા' કરતાં 'લેડી મેકબેથ' વિરોધી પ્રકૃતિ ધરાવતી મહત્ત્વાકાંક્ષી, સ્વાર્થી, લાલચુ, કપટી અને વિશ્વાસઘાતી સ્ત્રી પાત્ર છે. પોતાના સ્વાર્થને સંતોષવા, પોતાના બાળકના ટુકડા કરવામાં પણ તેને ખચકાટ અનુભવતી નથી. તેના દુરિત માનસમાં તરત જ રાજાની હત્યાનું ષડયંત્ર ઘડાવા લાગે છે, પરંતુ તેને મેકબેથના સજ્જન સ્વભાવનો ભય રહેલો છે. નાટકના મધ્યમાં મેકબેથ મૂંઝવણ ભરી સ્થિતિમાં મુકાય છે, ડંકનની હત્યા કરવી કે નહીં.

તેના માનસમાં દ્વંદ્વ ચાલ્યા કરે છે, તેનો સજ્જન સ્વભાવ, રાજા પ્રત્યે કર્તવ્યનિષ્ઠા અને વફાદારી તેમજ અતિથિની રક્ષા કરવી આદિ. તેના માનસમાં મહા-ભિનિષ્ક્રમણ સ્થિતિનું નિર્માણ થાય છે. પરંતુ લેડી મેકબેથ સતત ડંકનની હત્યા કરવા માટે ઉશ્કેરે છે, તેનો ઈરાદો માનસિક રીતે મેકબેથને તોડી હત્યા કરવા માટે મજબૂર કરવાનો છે. તેથી તેને માનસિક રીતે તોડવા માટે અનેક તર્ક-વિતર્ક મેકબેથ સમક્ષ કરે છે જેથી એવા સંજોગોનું નિર્માણ થાય અને મેકબેથ ડંકનની હત્યા કરી બેસે. અને એમાં તેને સફળતા મળે છે જ્યારે તે મેકબેથને કાયર કહે છે. અત્યાર સુધી સદ્-અસદ્ વૃત્તિ વચ્ચે સંઘર્ષ ચાલતો હતો પરંતુ વીર, સાહસિક અને મર્દાનગી સભર યોદ્ધા માટે કાયર શબ્દ પ્રયોજ્યો તે લોખંડી બખ્તરની અભેદ સુરક્ષામાં સચવાયેલા હૃદયને વાગી જાય છે અને તેના માનસમાં રહેલો અહંકાર અને રાક્ષસ વૃત્તિ જાગૃત થાય છે અને રાત્રિના અંધકારમાં ડંકનની હત્યા કરી બેસે છે.

સમ્રાટ ડંકનની હત્યા કરવા પૂર્વે અમંગળ ઘટના ઘટવાના એંધાણ સંકેતાત્મક રીતે આવે છે. ડરામણી ચીસો સંભળાવી, ઘુવડનો અવાજ, રાત્રિની ભયાનકતા, સવાર પડવા છતાં સૂર્યના કિરણો પૃથ્વી પર ન પ્રસરાવા, બાજનો ઘુવડ દ્વારા શિકાર કરવો, ડંકનના ઘોડા ગાંડા થઈ જવા આદિ.

રાજાની હત્યા પછી મેકબેથના સ્વભાવમાં પરિવર્તન આવે છે. શૂરવીર, સાહસિક, વીરતાસભર માનસમાં ડર અત્યંત તીવ્ર બનતો જાય છે. બેન્કો, ફ્લિન્સ, મેકડફ આદિ પ્રત્યે વધુ ભયભીત બને છે. રાજાની હત્યા કર્યા પછી કટાર મુકવા માટે પાછા જવાની તેનામાં હિંમત રહી નથી. રાત્રે ઊંઘમાં અલૌકિક ડરામણા અવાજ તેને ગભરાવી મુકે છે, તેની મનોસ્થિતિ વિકટ બને છે, લોહીથી રંગાયેલા હાથ જોઈ જાત સાથે વલોવાત કરે છે.

> ''મહાન વરુણદેવનો એ આખો પારાવાર મારી હાથથી આ શોણિતને પ્રક્ષાલી શું શકશે કે?
> ના, આ મારો હાથ બલકે,
> પૃથ્વીના મહાર્ણવોને રક્તવર્ણો કરી દેશે,
> લિલાછમ પાણી બધા લાલ લાલ રંગ નાખી,''[૪]

આ ઘટક તત્ત્વના બીજ ઈડિપસ નાટકમાં પડેલા છે. ઈડિપસ અને જોકેસ્ટા દ્વારા અજાણતા ભયંકર અપરાધ થઈ જાય છે તેની સજા, પરિણામ રાજ્ય અને પ્રજાને ભોગવવા પડે છે. સત્ય બહાર આવે છે ત્યારે કોરસ મુકવામાં આવ્યું છે 'ડાન્યુબ કે નાઈલ નદીના પાણી પણ આ અપરાધથી મુક્ત ન કરી શકે' આ કથાવસ્તુ શેકસપિયરે 'મેકબેથ' નાટકમાં જુદી રીતે પ્રયોજ્યું છે. ગ્રીક ટ્રેજેડીમાં સૂત્રાત્મક પંક્તિઓ પ્રચુર પ્રમાણમાં જોવા મળે છે, તેની જગ્યાએ શેકસપિયર કલ્પન પ્રયોજે છે.

અહીંથી મેકબેથના જીવનમાં વિકટ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. વીરતા, સજ્જનતા, માણસાઈ, શૂરવીરતા આદિના ભોગે સંપત્તિ, રાજપાટ, સિંહાસન પ્રાપ્ત કરે છે પરંતુ તેનાથી વધારે મુશ્કેલ તેને ટકાવી રાખવું છે. સતત સંઘર્ષભરી સ્થિતિ તેના જીવનમાં નિર્માણ પામે છે. મેકબેથમાં રહેલી હિંસકવૃત્તિ પાશવી-વૃતિ અને કરુણતામાં બાહ્ય પરિબળો જવાબદાર છે તેટલો સ્વયં પણ જવાબદાર છે.

યુદ્ધમાં દુશ્મન સામે શૂરવીરતા તેમજ સાહસિકતાથી લડતો મેકબેથ અંદરથી તૂટી ચૂક્યો છે. દુશ્મનનો સામનો કરવાની હિંમત, બહાદુરી તેનામાં રહી નથી તેથી બેન્કો અને ફ્લિન્સની હત્યા કરવા માટે હત્યારાઓ બોલાવી તેમની પાસે હત્યા કરાવે છે, પરંતુ તેમાં ફ્લિન્સ ભાગી નીકળે છે. તેથી તે વધુ ચિંતિત ભયભીત બની જાય છે અને ભોજન કરતાં સમયે બેન્કોના ભૂત સ્વરૂપે તેનામાં રહેલો ભય બહાર આવે છે. પરંતુ ત્યાર પછી મેકબેથ વધુ અમાનુષી, પાર્શ્વિક અને હિંસક બની જાય છે. ''મારા સ્વાર્થના માર્ગમાં જે કોઈ આવશે એને દૂર થવું જ જોઈએ.''[૫] મહત્ત્વાકાંક્ષાના સ્વાર્થમાં તે સતત પોતાના વિનાશને નોતરતો જાય છે.


ISSN 0976-9609

પિશાચો દ્વારા ભવિષ્યવાણી કરવામાં આવે છે, પરંતુ તેમાં અસ્પષ્ટતા જોવા મળે છે. સ્ત્રીના ખોળે જન્મેલા માણસ તારું કંઈ બગાડી નહીં શકે. પરંતુ નાટકના અંતમાં મેકડફના હાથે મેકબેથનું મૃત્યુ થાય છે. અહીં પ્રશ્ન એ થાય છે કે મેકડફને અધૂરા મહિને વાઢકાપ કરીને તેનો જન્મ થયો હતો પરંતુ શું તેને માના ખોળે જન્મેલો બાળક ન કહીં શકાય, બીજો પ્રશ્ન એ પણ થાય છે કે, કેટલાંક બાળકોનો પૂર્ણ મહિના પછી જન્મ થાય છે પરંતુ શારીરિક તકલીફ કે કોઈ સમસ્યાના કારણે વાઢકાપ દ્વારા તેમનો જન્મ થાય છે તો શું તેમને માતાના ગર્ભમાંથી જન્મેલો ન કહી શકાય તેથી શિરીષ પંચાલે આ ભવિષ્યવાણી વિષયક શેકસપિયરે વધુ સ્પષ્ટતા કરવાની જરૂર હતી તેમ કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે, રામાયણ, મહાભારત અને પુરાણોમાં એવા કેટલાય પાત્રો છે કે જે માતાના ઉદર સિવાય તેમનો જન્મ થયો હતો. તેથી આ ભવિષ્યવાણી અસ્પષ્ટ લાગે છે.

મેકડફ મેકબેથ સામે વિદ્રોહ કરે છે, આથી તે તેનાં સંતાન અને પત્નીની હત્યા કરાવી નાખે છે. અહીં પહેલી વાર બે નિર્દોષ મનુષ્યની હત્યા થાય છે. મેકબેથ અમાનુષી અત્યાચાર રાજ્ય અને પ્રજા પર કરે છે, કોઈપણ તેની સામે અવાજ ઉઠાવે કે વિરોધ પ્રગટ કરે તેની હત્યા કરાવી નાખે છે. સમ્રાટ થવાના સ્વાર્થમાં રાજ્ય, પ્રજા અને પોતાના જીવનનું શું? એ માનવસહજ વિચાર પણ તેના માનસમાં આવતો નથી. અનીતિના માર્ગે આગળ મેકબેથ આગળ નીકળી જાય છે, કોઈપણ ભોગે રાજસિંહાસન ટકાવી રાખવવું તેનું લક્ષ્ય છે. નીતિ, સિદ્ધાંત, સજ્જનતા, માણસાઈ, સદ્‌વૃત્તિ ભૂલાવી ચૂક્યો છે જે આગળ જતાં તેના વિનાશનું કારણ બને છે. રાજનીતિમાં પણ સિદ્ધાંતો, આચારસંહિતા, અનુશાસન, સંયમ તેની સાથે જોડાયેલું હોય છે. પ્રજાની રક્ષા કરવી, સુખ-દુઃખ, જરૂરિયાત તેમજ પ્રજાની સેવા કરવી એ રાજાનું કર્તવ્ય હોય છે. પરંતુ મેકબેથ પોતાનું કર્તવ્ય ભૂલી સત્તા, સિંહાસનને મહત્ત્વ આપે છે પરંતુ જીવનમાં કરેલા કર્મ કે પાપ અહીં જ ભોગવવાનાં હોય છે, કર્મ ક્યારેય તમારો પીછો છોડતું નથી. સમયના ચક્રમાં ફરતું ફરતું તમારા દ્વાર પર આવીને ઊભું રહે છે.

નાટકનાં અંતમાં મેલકોમ, મેકડફ અને સિવાર્ડ સાથે મળીને મેકબેથ સામે યુદ્ધ કરવા માટે આવે છે. મેલકોમ દુશ્મનને ભ્રમિત કરવા માટે એક એક ઝાડી પોતાની સાથે લઈ દરેક સૈનિકને ચાલવા જણાવે છે જેથી પોતાની તાકાતનો મેકબેથને અંદાજ ન આવે. અહીં પિશાચની ભવિષ્યવાણી સાચી પડતી જણાય છે. ભાગ્યમાં જે લખ્યું હોય છે તે થઈને રહે છે, માણસ તેને બદલી શકતો નથી. માણસ તેનું કાર્ય પૂરું થાય ત્યારે તેનો અંત નિશ્ચિત હોય છે. સમગ્ર રાજ્યમાં મેકબેથ વિરુદ્ધ વિદ્રોહનું વાતાવરણ ઊભું થાય છે. પ્રજા તેના પર વિશ્વાસ કરતી નથી અને તેના અમાનુષી અત્યાચારથી ત્રાહિમામ પોકારી ચૂકી છે. તેનામાં માનવસંવેદના, લાગણી, કર્તવ્યનિષ્ઠતા હતી પરંતુ સત્તાની લાલચમાં અન્યની વાતમાં આવીને પોતાની પાસે જે કંઈ પણ હતું તે પણ ગુમાવી બેસે છે. જીવનની નિરર્થકતા એકલતા અને શૂન્યતા તેને સમજાય છે, પરંતુ મેકબેથથી હવે પાછું વળી શકાય તેમ નથી તેમજ તેને સાથ આપનાર હવે કોઈ રહ્યું નથી ન તો પશ્ચાત્તાપ માટે સમય છે. ચારે તરફથી ચક્રવ્યુહમાં ફસાઈ જાય છે, ભાગી છૂટવા માટે તેની પાસે કોઈ માર્ગ રહ્યો નથી અંતમાં મેકબેથ સાહસિક, શૂરવીર બની યુદ્ધમાં લડે છે અને મેકડફના હાથે મૃત્યુ પામે છે, પરંતુ આત્મસમર્પણ કરવા માટે તૈયાર થતો નથી.

સત્તાની લડાઈમાં અંગત કે નજીકના વ્યક્તિ વિશ્વાસઘાત કે કપટ કરતા હોય છે, શત્રુ કરતાં આસપાસ રહેતા વ્યક્તિનો ભય વધારે હોય છે. રાજનીતિમાં ન લાગણી કે ભાવનાના સંબંધ હોય છે કે ન નૈતિકતા કે સિદ્ધાંતો. કેવળ એકબીજા સાથે કોઈને કોઈ સ્વાર્થથી જોડાયેલા હોય છે. મેકબેથ, ડંકન, બેન્કો અને મેકડફ સાથેના સંબંધમાં તે જોવા મળે છે.

વ્યક્તિ પોતાની મહત્ત્વાકાંક્ષાના સ્વાર્થને સંતોષવા માટે એટલો અંધ બની જાય છે કે પોતાની જાતને ભૂલી જાય છે અને અંતે તેની પાસે જે કંઈ હોય છે તે પણ ગુમાવી બેસે છે. માનવીની સત્તાકાંક્ષા, નીતિ, સિદ્ધાંત, સજ્જનતા, માણસાઈ, સદ્‌વૃત્તિને ભૂલાવી અનીતિના માર્ગ તેના પતન તરફ દોરી જાય છે અને તેના વિનાશનું કારણ બને છે.

મેકબેથ મહત્ત્વાકાંક્ષા, સત્તાલાલસા, અમાનુષી અત્યાચાર, કપટ, વિશ્વાસઘાત, રાજહત્યા, નિર્દોષ બાળહત્યા આદિમાંથી નિપજતાં સંઘર્ષ અને હ્રાસની પ્રબળ અભિવ્યક્તિ કરતું ટ્રેજેડી નાટક છે.


૧ પંચાલ, શિરીષ, ગ્રિક ટ્રેજેડી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પ્રથમ આવૃત્તિ-૨૦૨૨, પૃ-૨૨૩

૨ પંચાલ, શિરીષ, ગ્રિક ટ્રેજેડી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પ્રથમ આવૃત્તિ-૨૦૨૨, પૃ-૨૨૩

૩ પંચાલ, શિરીષ, ગુજરાતી વિવેચન શ્રેણી-૬(ખંડ-૨), ઉમાશંકર જોશી, પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પૃ-૩૪૯

૪ પંચાલ, શિરીષ, ગુજરાતી વિવેચન શ્રેણી-૬(ખંડ-૨), ઉમાશંકર જોશી, પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પૃ-૩૫૨

૫ પટેલ રાજેશ્વરી, મેકબેથ, પાર્શ્વ પબ્લિકેશન, બીજી આવૃત્તિ-૨૦૧૮, પૃ-૬૨



Email:vankarmanish143@gmail.com


## ।। વિદ્યાવૃત્ત ।।

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ (GIA)** ખાતે તારીખ ૧ અને ૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ શાળાનો વાર્ષિક રમતોત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડૉ. હરિન્દ્રસિંહ સોલંકી (સ્પોર્ટ્સ ડિરેક્ટર) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને રમતગમતના મહત્ત્વ વિશે માર્ગદર્શન આપતાં કહ્યું કે, રમતગમત શારીરિક તંદુરસ્તી સાથે સાથે શિસ્ત, ટીમ વર્ક અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદરૂપ બને છે. કાર્યક્રમનું માર્ગદર્શન શાળાના આદરણીય પ્રિન્સિપાલ શ્રી ભાવેશ જી. ભટ્ટ દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે રમતગમતમાં પણ સક્રિય ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા. રમતોત્સવનું આયોજન શાળાના રમત શિક્ષકો શ્રી ચેતન પ્રજાપતિ અને શ્રી અજય તલપડા દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. રમતોત્સવ દરમિયાન ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર દોડ, લેમન સ્પૂન, શોટપુટ, કબડ્ડી, ટગ ઓફ વોર તથા પરંપરાગત રમત રસ્સી ખેંચ જેવી રમતો યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને ખેલભાવનાથી ભાગ લીધો હતો. રમતોત્સવના અંતે વિજેતા વિદ્યાર્થીઓને પ્રશસ્તિપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થતાં શાળા પરિવારમાં આનંદની લાગણી જોવા મળી હતી.

**આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રીના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ ડ્રાઇવ યોજાઈ :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કોલેજ ખાતે તાજેતરમાં ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી પ્રોગ્રામમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.એમ.એમ.રાજ, કોઓર્ડિનેટર ડૉ.જીગર પટેલ, પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડૉ. રોહિત દવે તથા અધ્યાપકોની સક્રિય ભાગીદારી હતી. આ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ગુજરાતની ખ્યાતનામ ઇન્ડસ્ટ્રીઝ જેવી કે લ્યુપિન લિમિટેડ, ઝાયડસ લાઇફસાયન્સિસ લિમિટેડ, જીએસપી ક્રોપ સાયન્સ લિમિટેડ અને કંસાઇ નેરોલેક પેઇન્ટ્સ લિમિટેડ જેવી અગ્રણી રાસાયણિક અને ફાર્માસ્યુટિકલ કંપનીઓએ ઇન્ટરવ્યૂ પ્રક્રિયા યોજી હતી. જેમાં કુલ ૬૬ વિદ્યાર્થીઓએ ઇન્ટરવ્યૂના વિવિધ તબક્કાઓ જેવા કે લેખિત પરીક્ષા, વ્યક્તિગત ઇન્ટરવ્યૂ, ગ્રુપ ડિસ્કશન અને એચઆર રાઉન્ડમાં ભાગ લીધો હતો. ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી પ્રોગ્રામના મજબૂત અભ્યાસક્રમ, વ્યવસ્થાપન અને ઉદ્યોગ સાથેના ગાઢ સંબંધોને કારણે ૩૯ વિદ્યાર્થીઓ અલગ અલગ કંપનીઓમાં શોર્ટલિસ્ટ થયા હતા, જે વિદ્યાર્થીઓની ઉચ્ચ રોજગાર યોગ્યતા અને કોર્સની શ્રેષ્ઠતાનું પ્રતીક છે. પ્લેસમેન્ટ ડ્રાઇવના સફળ આયોજન બદલ સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. રાજ તથા કોલેજ સંયોજક ડૉ. જીગર પટેલ દ્વારા પ્લેસમેન્ટમાં પસંદગી પામેલ સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

|| પ્રાસંગિક ||

## ગુજરાતી ભાષામાં જોડણી વિશે

**રાજેન્દ્ર ઠાકર**

દર વર્ષે તા. ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવાય છે. વિશ્વમાં કુલ કેટલી ભાષાઓ બોલાય છે, તેની ચોક્કસ તેમજ સંતોષકારક ગણતરી થઈ શકી નથી. તેમ છતાં વિશ્વની બધી જ ભાષાઓને ૧૦ મુખ્ય સમૂહોમાં વહેંચવામાં આવી છે. હાલ ૨૭૯૬ થી વધુ ભાષાઓ ગણાઈ ચૂકી છે, તેમાં ચાઈનીઝ સૌથી વધુ બોલાતી ભાષા ગણવામાં આવે છે. ત્યાર પછી અંગ્રેજી, હિન્દી, સ્પેનિશ, રશિયન, એરેબિક, ડોઈટિઝ (જર્મન) વગેરે મુખ્ય ભાષાઓ ગણવામાં આવે છે.

ભારત અનેક પ્રદેશો, ભાષાઓ વગેરેની દષ્ટિએ વિવિધતાવાળો દેશ છે, જેમાં ૨૧ મુખ્ય ભાષાઓ ગણવામાં આવી છે. ભારતમાં હિન્દી પછી બંગાળી મુખ્ય પ્રાદેશિક ભાષા ગણવામાં આવે છે. તેની સાહિત્યની દષ્ટિએ ગુણવત્તા પણ સારી ગણવામાં આવે છે. તેની સરખામણીમાં ગુજરાતીની ગુણવત્તા (સાહિત્યની દષ્ટિએ) ઓછી ગણવામાં આવે છે. ''શું શા પૈસા ચાર''. તેનું મુખ્ય કારણ જોડણીની દષ્ટિએ ગુજરાતીઓની બેપરવાહી છે. ગુજરાતીઓ પોતાની માતૃભાષા પણ સારી રીતે બોલી કે લખી શકતા નથી. યુવાનો, વિદ્યાર્થીઓ પણ જોડણી પ્રત્યે બેપરવા છે. વાચન પણ ઓછું થતું જાય છે.

અહીં, આજે ગુજરાતી ભાષાની જોડણી વિશે ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

### ગુજરાતી ભાષાની જોડણીના સામાન્ય નિયમો :

૧. ગુજરાતીમાં વિભકિતના પ્રત્યયો (અનુગો) શબ્દની સાથે લખાય છે. વિભકિતના પ્રત્યયો (અનુગો) 'ની', 'ના', 'નુ', 'નો', 'ને', 'એ', 'થી', 'માં', વગેરે શબ્દની સાથે આવે છે. દા.ત. રામના, સીતાજીની, અયોધ્યાનું વગેરે.

૨. અઘોષ વ્યંજન 'ય' આવે ત્યારે તેની આગળનો અક્ષર લઘુ હોય. દા.ત. નડિયાદ (નડીયાદ નહિ.)

૩. સામાન્યતઃ સકર્મક ક્રિયાપદની ધાતુ દીર્ઘ હોય છે : ઉ.ત. ઊકલવું, ઊકળવું, ઉખડવું, ઊગવું, ઊગરવું, વગેરે (વધુ માટે સાર્થ જોડણી કોશ જુઓ). ઉપરોક્ત ક્રિયાપદ પ્રેરક હોય ત્યારે હ્રસ્વ 'ઉ' આવે. દા.ત. ઉકાળવું, ઉખાડવું, ઉગાડવું વગેરે. પરંતુ, તેમાં કયારેક અપવાદ પણ આવે છે. દા.ત. ઊંઘાડવું, ભીંજવવું, ખીલવવું વગેરે.

૪. ઇકરાર, ઇખલાસ, ઇચ્છવું, ઇજનેર, ઇજાજત, ઇજાફો, ઇજારો, વગેરેમાં હ્રસ્વ 'ઇ' હોય છે.

૫. ઈશ, ઈશા, ઈસવું, ઈડલી, ઈતરાવું, ઈદ, ઈર્ષા વગેરેમાં 'ઈ' દીર્ઘ હોય છે. ('ઇ' તેમજ 'ઈ' માટે સાર્થ જોડણીકોશ જુઓ.)

૬. નાન્યતર જાતિનો શબ્દ આવે ત્યારે છેલ્લા અક્ષર પર અનુસ્વાર આવે. ઉ.ત. હરણું, પારણું, ઝોકું, ઝૂરવું, ઝૂંટવવું, ઝોકવું, ઝોકું, ઝોલું, ટોળું, જાયું, ઝેરીલું, વગેરે.

૭. 'ઈય' હંમેશાં દીર્ઘ આવે.: દા.ત. જાતીય, રાષ્ટ્રીય, સ્વર્ગીય, વિશ્વસનીય વગેરે. (અપવાદઃ સેંદ્રિય જેવા શબ્દો)

૮. 'ઈક' પ્રત્યય આવે ત્યારે હંમેશાં હ્રસ્વ આવે : ઉ.ત. હોલિકા, રાધિકા, શાબ્દિક, પુસ્તિકા વગેરે.

૯. બે દીર્ઘ ઉચ્ચાર આવે ત્યારે આગળનો અક્ષર હ્રસ્વ કરવો. દા.ત.જિજીવિષા, હસ્તિની, વિદ્યાર્થિની, સિંહવાહિની વગેરે.

૧૦. ઉપસર્ગવાળા શબ્દ સાથે લખવાઃ ગેરરસ્તે, ગેરલાભ, કસમય, દીવાનેઆમ, દીવાનેખાસ, ઉપમંત્રી, ઉપરવાસ, ઉપરવાળો, દૂધવાળો, દહીંવાળો વગેરે

**સાથે બોલાતા-લખાતા શબ્દો :** ઉપરાઉપર, પૂછપરછ, હોંસાતોંસી, હાથોહાથ, ચડતીપડતી, હાથતાળી વગેરે.

૧૧. 'ઈત' પ્રત્યય હ્રસ્વ આવે : રોમાંચિત, પીડિત, નિર્ણિત, ઉચિત, વર્ણિત, વિરોચિત વગેરે.

૧૨. 'ઈન' પ્રત્યય દીર્ઘ આવે : ઉ.ત. દીર્ઘકાલીન, મધ્યકાલીન, સમકાલીન વ. (અપવાદઃ મલિન, પુલિન)

૧૩. શબ્દની વચ્ચે 'રુ' આવે ત્યારે હ્રસ્વ (દીર્ઘ નહિ), દા.ત. અરુણ, વિરુધ્ધ, પુરુષાર્થ વ. (અપવાદઃ નિરૂપણ)

૧૪. તમ માં ડબલ 'ત્ત' નહિ કરવાનો
દા.ત. લઘુતમ, ગુરુતમ

૧૫. પૂર્વપદવાળા શબ્દ સાથે લખવા : મહાકાલ, મહાપુરુષ, મહામારી, મહાકાવ્ય વગેરે.

૧૬. અંગ્રેજી ભાષાના શબ્દો ગુજરાતીમાં લખાય ત્યારે 'i' હોય તો હ્રસ્વ 'ઇ' અને 'ee' આવે તો દીર્ઘ લખવું. દા.ત. ઈન્ડસ્ટ્રિયલ, કેમિસ્ટ્રી, યુનિવર્સિટી વ.

**સામાન્યતઃ ભૂલો થતી હોય તેવા શબ્દોની સાચી જોડણી :** ગુપસુપ, ગુરુ, ખૂજલી, ખૂબી, ખુલ્લું, ખીસું, ચીતરવું, ચિત્ર, નિષ્ણાત, ભૂખ, ભિખારી, ભીખ, ભૂદેવ, ભૂમિતિ, ભૂત, જિંદગી, જીવન, મીમાંસા, નહિ, નહીં, મહત્ત્વ, મહત્ત્વાકાંક્ષી, પુરુષ, પૂનમ, પૂરક, પૂતળી, પ્રાયશ્ચિત્ત, ગૂંગળામણ, ગૂંચ, ગૂઢ, ગૂમડું, પીડા, મુમકિન, માયૂસ, કોહિનૂર, ઉગમણું, ગૂગળ, ઘૂંઘટ, ઘૂમટો, ભરપૂર, મનસૂબો, ભૂંડું, નિહિત, દ્રૌપદી, ભીષ્મ, વાલ્મીકિ, અગસ્ત્ય, ઊર્મિલા, ઊર્મિ, ઊર્જા, તિલોત્તમા, ઉલૂપી, વશિ(સિ)ષ્ઠ, સૂતર, સૂત્ર, સૂરજ, સૂઝબૂઝ, સૂમસામ, સૂર (રાગ), વિખૂટું, શિક્ષિત, દીક્ષિત, સીમા, સીમાંત, સુર(દેવ), સાંનિધ્ય, શિલા (પથ્થર,), શીલ (ચારિત્ર્ય), હોશિયાર, વર્તણૂક, વિહીન, વીજળી, વીમો, નિદ્રા, ઝુરાપો, ઊજળું, મલિન, હંમેશાં, રોગિષ્ટ, ઉત્કૃષ્ટ, જન્માષ્ટમી, પુષ્ટ, વરિષ્ઠ, હીંચકો, યાંત્રિકીકરણ, ઉચ્ચ, ઊભરતી, વિષ્ણુસહસ્રનામ, સમાધિ, દિવેલ, દીવાન, દીવાલ, દીવડો, દૂધ, દુધાળું, દૂષણ, દુઃખ, દૂઝણું, દૂધી, દૂબળો, દૂર, દૂર્વા, દૂંટી, દષ્ટિ, સૃષ્ટિ, સૂકું, સૂચક, સૂચન, સૂજવું, સૂઝ.

હકીકતમાં ગુજરાતી ભાષા અને તેનું વ્યાકરણ ધારીએ તેટલાં સીધાં નથી. તેથી તે ગુજરાતી સિવાયના, ખાસ કરીને હિન્દી ભાષીઓ માટે, શીખવી વધુ મુશ્કેલ બને છે. તેનાં બે મુખ્ય કારણો છેઃ એક, હિન્દીમાં का, की વગેરે પ્રત્યય અલગ લખાય છે, જ્યારે ગુજરાતી ભાષામાં નું, ના, ની, વગેરે શબ્દની સાથે લખાય છે. બીજું : હિન્દીમાં બે જ જાતિ છે : નર અને નારી, જ્યારે ગુજરાતીમાં ભાષામાં ત્રણ જાતિ છેઃ નર, નારી અને નાન્યતર. તેથી હિન્દી ભાષીઓ તેમાં થાપ ખાઈ જાય છે.

ઉપરોક્ત બતાવ્યા તે જોડણીના મુખ્ય નિયમો છે, તે સિવાય પણ હરિવલ્લભ ભાયાણી, કે. કા. શાસ્ત્રી વગેરેએ બૃહત વ્યાકરણ કોશમાં નિયમો દર્શાવ્યા છે, તેમજ તેના અપવાદો પણ ઘણા છે, જે ફક્ત મહાવરાથી હાંસલ થઈ શકે. અસ્તુ.

---

બી/૩/૧૯, સમર્પણ સોસાયટી,
પાલિકાનગર પાસે, વલ્લભ વિદ્યાનગર
આણંદ-૩૮૮૧૨૦ (મો) ૯૭૨૬૨૩૫૮૨૦

---

*એ હકીકત છે કે પાણીમાં તરનારા જ ડૂબી જાય છે, કિનારે ઊભેલા લોકો નહીં.*
*પરંતુ આવા લોકો તરવાનું પણ શીખતા નથી.*



ISSN 0976-9609

**સરદાર પટેલ યુનિવર્સિટીના બી.એ.સેમ.-૫ ના પરિણામમાં નલિની કૉલેજનો દબદબોઃ ૯૫ વિદ્યાર્થીઓ ટોપ ટેનમાં સામેલ :** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા બી.એ. સેમેસ્ટર-૫ના પરિણામોમાં વલ્લભ વિદ્યાનગરની ખ્યાતનામ સંસ્થા ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજે ઝળહળતી સિદ્ધિ હાંસલ કરી છે. યુનિવર્સિટી સ્તરે જાહેર થયેલા વિવિધ વિષયોના પરિણામોમાં કૉલેજના કુલ ૯૫ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓએ પ્રથમ દસ ક્રમ (ટોપ-૧૦) માં સ્થાન મેળવીને શૈક્ષણિક જગતમાં નવો ઇતિહાસ રચ્યો છે. એક જ કૉલેજના આટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જ્યારે યુનિવર્સિટી કક્ષાએ મેદાન મારી જાય છે, ત્યારે તે સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તા અને વિદ્યાર્થીઓની મહેનતનો મજબૂત પુરાવો આપે છે.

આ અસાધારણ સફળતા બદલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી અને હોદ્દેદારોએ હર્ષની લાગણી વ્યક્ત કરતાં, વિદ્યાર્થીઓને અને સમગ્ર સ્ટાફ પરિવારને બિરદાવ્યા છે. કૉલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. બી. એમ. પરમાર સાહેબે આ ગૌરવશાળી ક્ષણે જણાવ્યું હતું કે, કૉલેજના પ્રોફેસરો દ્વારા આપવામાં આવતું સચોટ માર્ગદર્શન, નિયમિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીઓના ખંતને કારણે જ આજે નલિની કૉલેજ યુનિવર્સિટીમાં મોખરે રહી છે. આ સિદ્ધિ દ્વારા વિદ્યાર્થીઓએ કૉલેજનું નામ સમગ્ર ગુજરાતમાં રોશન કર્યું છે. આ સિદ્ધિ બદલ આ તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને નલિની કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. બી. એમ. પરમાર તેમજ સ્ટાફગણ રાજીપો વ્યક્ત કરીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરે છે.

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી :** (૧) ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીનો ૫૦મો વાર્ષિક રમતોત્સવ શાસ્ત્રી મેદાન વલ્લભ વિદ્યાનગર ખાતે પ્રિ.વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ ફિઝિકલ ઈન્સ્ટ્રકટરશ્રી રાજેશ મેકવાન દ્વારા આયોજિત કરવામાં આવ્યો. મુખ્ય મહેમાન તરીકે એમ.યુ.પટેલ ટેકનિકલ હાઈસ્કૂલના પ્રિ.હસિતકુમાર પાઠકે ઉપસ્થિત રહી સ્પર્ધાઓ શરૂ કરાવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ દોડ, ફેંક અને કૂદ વિભાગની વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સામાન્ય વિદ્યાર્થીઓ માટે લેમન સ્પૂન, સંગીત ખુરશી અને રસ્સીખેંચની સ્પર્ધાઓ પણ રાખવામાં આવી હતી.

(૨) ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં અભ્યાસ કરતા ધો.૧૨ના દિવ્યાંગ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સ્પે.એજ્યુકેટર શ્રીમતી રાધાબેન અને શ્રીમતી સુધાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ખાસ પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગો માટે આયોજિત ખેલ મહાકુંભમાં ભાગ લીધો, જેમાંથી, કુ.મઘીબેન કે.રાઠવા (પ્રજ્ઞાચક્ષુ) બરછી ફેંકમાં પ્રથમ વિજેતા, ખોડાભાઈ બી.પરમાર ક્રિકેટમાં રનર્સ અપ વિજેતા. જ્યારે દેવલાભાઈ રાલીયાભાઈ રાઠવાએ ગોળાફેંક અને ૧૦૦ મીટર દોડમાં-પ્રથમ તેમજ બરછી ફેકમાં દ્વિતીય ક્રમે જિલ્લા કક્ષાએ વિજેતા થતાં હવે રાજ્ય કક્ષાએ રમવા જશે. શાળાના પ્રિ.વિજયકુમાર સુથારે શાળાનું ગૌરવ વધારવા બદલ સૌ દિવ્યાંગ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

**આઈસ્ટાર કોલેજ :** (૧) ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કોલેજને તાજેતરમાં ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન (GSBTM) તથા ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા "Emerging Trends in Biological, Chemical and Computer Sciences (BiCCs ૨૦૨૬)" શીર્ષક હેઠળ રાષ્ટ્રીય સ્તરનો પરિસંવાદ આયોજિત કરવા માટે અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે. જેમાં જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર અને કોમ્પ્યુટર સાયન્સ જેવા અગ્રીમ

ક્ષેત્રોમાં ઉદ્‌ભવતી નવીન પ્રવૃત્તિઓ, સંશોધન, ટેક્નોલોજી અને પડકારો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. BiCCs ૨૦૨૬માં દેશભરના ખ્યાતનામ વૈજ્ઞાનિકો અને વિષય નિષ્ણાતોના મુખ્ય વક્તવ્યો, તકનીકી સૂત્રો, તેમજ મૌખિક તેમજ પોસ્ટર પ્રસ્તુતિઓ યોજાશે. આ પરિસંવાદનો મુખ્ય ઉદ્દેશ સંશોધકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગ જગત વચ્ચે આંતરવિષયક સંશોધન, જ્ઞાન વિનિમય અને સહકારને પ્રોત્સાહન આપવાનો છે. GSBTM અને GUJ-COST તરફથી મળેલ અનુદાન આંતરવિષયક સંશોધનના મહત્ત્વને ઉજાગર કરે છે તથા રાજ્ય અને દેશના વૈજ્ઞાનિક વિકાસ માટે દરેક સંસ્થાઓની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આ અવસર પર સંસ્થાના પ્રિન્સિપાલ ડો. એમ.એમ. રાજ તથા કોલેજ સંયોજક ડો.જીગર પટેલે જણાવ્યું છે કે, આ પ્રકારના અનુદાનથી પરિસંવાદની શૈક્ષણિક ગુણવત્તા વધુ મજબૂત બનશે અને યુવાસંશોધકો તથા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે સંશોધન ક્ષમતા રજૂ કરવાની ઉત્તમ તક મળશે.

(૨) આઈસ્ટાર કોલેજ ખાતે 'ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રી ઓરિએન્ટેશન મેન્યુફેક્ચરિંગ અને આર એન્ડ ડી' વિષય પર એક્સપર્ટ ટોક યોજાઈ : ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કોલેજના ઈન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી પ્રોગ્રામના વિદ્યાર્થીઓ માટે શ્રી દીગેશ પટેલ, ડેપ્યુટી જનરલ મેનેજર (ઝાયડસ) દ્વારા વક્તવ્ય યોજાયું હતું. આ એક્સપર્ટ ટોક દરમ્યાન વિદ્યાર્થીઓને ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગની પ્રક્રિયાઓ, GMP અને FDA માટેના નિયમો, ગુણવત્તા નિયંત્રિત કરવાની પ્રણાલીઓ તેમજ આર એન્ડ ડી વિભાગની ભૂમિકા વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમથી ફાર્માસ્યુટિકલ દવાના ક્ષેત્રમાં ભવિષ્યની તકો અને વિવિધ પડકારો અંગે મહત્ત્વપૂર્ણ જાણકારી મેળવી હતી. આ કાર્યક્રમનું આયોજન પ્રોગ્રામ કોઓર્ડિનટર ડૉ. રોહિત દવે તથા અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું અને કોલેજ સંયોજક ડૉ જીગર પટેલ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. એક્સપર્ટ ટોકના સફળ આયોજન બદલ આઇસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ ડો.એમ.એમ. રાજ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે જરૂરી પ્રોત્સાહન અને પૂરતો સહયોગ સાંપડ્યો હતો.

**MBIT:** ચારુતર વિદ્યામંડળ (CVM) યુનિવર્સિટીની **મધુબેન અને ભાનુભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી** (MBIT) ના વિદ્યાર્થીઓએ ADITના સહયોગથી નેશનલ લેવલ પર ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. ૮-૯ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન AIDTM ખાતે અદાણી ગ્રુપ દ્વારા આયોજિત ૨૪ કલાકીય ''હેક-ઇનોવેટ'' નેશનલ લેવલ હેકાથોનમાં MBIT-ADITની સંયુક્ત ટીમે પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે.

MBIT તરફથી સોહમ કુલકર્ણી (ટીમ લીડર, IT વિભાગ) અને રેનન ક્રિસ્ટી (CE વિભાગ), તેમજ ADIT તરફથી દિયા જૈન અને અલેફિયા બુટવાલા (CE વિભાગ)ની ટીમે અસાધારણ નવીનતા, તકનીકી શ્રેષ્ઠતા અને અસરકારક નેતૃત્વનું પ્રદર્શન કર્યું. ૮૩ ટીમો અને ૫૦૦થી વધુ સહભાગીઓ વચ્ચેની કઠિન સ્પર્ધામાં ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન મેળવ્યું.

વિજેતા ટીમને ૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ શ્રીમતી સૃષ્ટિ અદાણી, ડિરેક્ટર-ડિજિટલ લેબ, અદાણી ગ્રુપ દ્વારા ૧,૦૦,૦૦૦નું રોકડ ઇનામ એનાયત કરવામાં આવ્યું.

આ અવસરે સિવીએમયુના પ્રેસિડેન્ટ અને સિવીએમના ચેરમેન ઇ. શ્રી. ભીખુભાઇ પટેલ, તથા સિવીએમના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી. મનીષભાઈ પટેલ, CVMU ના પ્રોવોસ્ટ ડૉ. ઇન્દ્રજીત પટેલ, રજિસ્ટ્રાર ડૉ સંદીપ વાલિયા, ડૉ. અમિત ગણાત્રા, ડીન, FOET અને પ્રિન્સિપાલ ડૉ મૌલિકા પટેલે આ કાર્યક્રમના સફળ આયોજન બદલ આયોજકો અને સહભાગીઓને અભિનંદન આપ્યા હતા.



ISSN 0976-9609

## GJPIASR ખાતે શિષ્યોપનયન સંસ્કાર અને વ્હાઈટ કોટ સમારોહ યોજાયો.




સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા જી. જે. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ (GJPIASR) ખાતે ૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ બેચ ૨૦૨૫-૨૬માં પ્રવેશ મેળવનારા UG અને PG વિદ્યાર્થીઓ માટે શિષ્યોપનયન સંસ્કાર અને વ્હાઈટ કોટ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી માનનીય એન્જિનિયર ભીખુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે વિદ્યાર્થીઓને આશિર્વચન પાઠવ્યા હતા. સીવીએમ યુનિવર્સિટીના મેડિકલ અને આયુ. ડિરેક્ટર પ્રો. (ડૉ.) આર. ડી. પટેલ સાહેબે સભાને સંબોધિત કરી. તમામ પ્રકારના સહકારની ખાત્રી આપી હતી.

આ સમારોહમાં ધન્વંતરી યજ્ઞ, વ્હાઈટ કોટ સમારોહ, મૌલી બંધન, ગુરુમંત્ર દીક્ષા, શિષ્યોપનયન વિધિ અને શપથ ગ્રહણ સમારોહનો પણ સમાવેશ થતો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૦૦ યુ.જી. વિદ્યાર્થીઓ અને ૧૮ પી.જી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમજ તમામ કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું જી. જે. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ  ના આચાર્ય પ્રો. (ડૉ.) સરિતા ભુતડાના માર્ગદર્શન હેઠળ અને સંહિતા સિદ્ધાંત અને સંસ્કૃત વિભાગ દ્વારા સુચારૂ સંચાલન કરવામાં આવ્યું હતું.

## એમબીઆઈટી કોલેજ ખાતે નેશનલ ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ યોજાયો.





ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની એમબીઆઇટીમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયર્સના સહયોગ થી એડવાન્સિંગ રિસર્ચ : એક્સલન્સ થ્રુ ઇનોવેશન એન્ડ કોલોબ્રેશન પર એક અઠવાડિયાનો નેશનલ  ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો, જેમા IE ના ચેર ડૉ. આરતી પમનાનીએ ગેસ્ટ ઓફ ઓનર તરીકે હાજરી આપી હતી. આ કાર્યક્રમ માં વિવિધ સંસ્થાઓના ૬૦ થી વધુ અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ એફડીપીનું આયોજન ડૉ. ગોપી ભટ્ટ, હેડ, કમ્પ્યુટર ડીપાર્ટમેન્ટ તથા ડૉ. કિશોરી શેકોકર, એસોસિએટ પ્રોફેસર, કમ્પ્યુટર ડીપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી ના પ્રેસિડેન્ટ અને ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એન્જિ. ભીખુભાઇ પટેલ તથા વાઇસ પ્રેસિડેન્ટ શ્રી. મનીષભાઈ પટેલ, ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી ના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) ઇન્દ્રજિત પટેલ, રજિસ્ટ્રાર પ્રો. (ડૉ.) સંદિપ વાલિયા, પ્રો. (ડૉ.) અમિત ગણાત્રા, ડીન, FOET અને પ્રિન્સિપાલ ડૉ. મૌલિકા પટેલે આ કાર્યક્રમના સફળ આયોજન બદલ આયોજકો અને સહભાગીઓને અભિનંદન આપ્યા હતા.

BOOK POST
February 2026

V-Vidyanagar 28 (2)
Published on 05/2/2026
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

## ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીનો તૃતીય પદ્વીદાન સમારોહ યોજાયો.




ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના તૃતીય પદ્વીદાન સમારોહ પ્રસંગે કોન્વોકેશન પ્રોસેશન માર્ચનું નેતૃત્વ કરતા ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રો.(ડૉ.) સંદિપ વાલિયા, યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ રજૂ કરતા પ્રોવોસ્ટ પ્રો.(ડૉ.) ઈન્દ્રજિત પટેલ, વિદ્યાર્થિઓને પદ્વી અને ગોલ્ડ મેડલ એનાયત કરતા મુખ્ય મહેમાન શ્રી દિપક શેટ્ટી (ચીફ એક્ઝેક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર, JCB India Ltd.), અતિથિ વિશેષ શ્રી સી. ઝેડ. પટેલ (ચીફ પેટ્રોન, સી. ઝેડ. પટેલ કૉલેજ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ) દશ્યમાન થાય છે. અન્ય તસવીરમાં પદ્વીધારકોને આર્શિવચન પાઠવતા ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ નજરે પડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે ૪૦ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને ગોલ્ડ મેડલ તથા ૬૩ જેટલા સંશોધકોને પી.એચ.ડી.ની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )